# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૦ નવેમ્બર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૫ | અંક : ૧૩૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ડાક ટિકિટ પ્રદર્શન દરમિયાન ગૃહમંત્રી અને મુખ્યમંત્રીને પોતાના વચ્ચે જોઈને બાળકો થયા ઉત્સાહિત

## ગાંધીનગર ડાક ટિકિટ પ્રદર્શન 'ફિલાવિસ્ટા ૨૦૨૪'નું ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ભવ્ય શુભારંભ





। ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આયોજિત બે દિવસીય ડાક ટિકિટ પ્રદર્શન 'ફિલાવિસ્ટા ૨૦૨૪' નું ૧૯ નવેમ્બર ૨૦૨૪એ ભારત સરકારના ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગાંધીનગરના દાંડી કૂટિર, મહાત્મા મંદિર મ્યુઝિયમમાં ભવ્ય શુભારંભ કરવામાં આવ્યું. આ અવસરે "ગાંધીનગર સ્થાપત્ય કલા" પર વિશેષ આવરણ અને વિરુપણ પણ બહાર પાડવામાં આવ્યું. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગુજરાત પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ સાવલેશ્વરકર, ઉત્તર ગુજરાત પરીક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ અને ગાંધીનગર મંડળના પ્રવર ડાક અધિક્ષક શ્રી પિયૂષ રજક પણ ઉપસ્થિત રહ્યા હતા. ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પ્રદર્શનનું અવલોકન કરીને તેની પ્રશંસા કરી. આ દરમિયાન પ્રદર્શન જોવા આવેલ વિવિધ શાળાના બાળકો ગૃહ મંત્રી અને મુખ્યમંત્રીને પોતાના વચ્ચે જોઈને ખુબ જ ઉત્સાહિત થયા. ગૃહ મંત્રી અને મુખ્યમંત્રીએ પણ તેમને નિરાશ ન કરતાં તેમની સાથે વાર્તાલાપ કર્યો અને તસવીરો ખેચાવી તેમજ બાળકોના ઉત્તમ ભવિષ્ય માટે શુભેચ્છા આપી.

આ અવસરે, ગુજરાત પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ સાવલેશ્વરકરે જણાવ્યું કે, ગાંધીનગરમાં આયોજિત બે દિવસીય પ્રદર્શનમાં ખાસ કરીને ઐતિહાસિક અને સાંસ્કૃતિક ડાક ટિકિટો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ડાક ટિકિટો ભૂતકાળને વર્તમાન સાથે જોડે છે. દેશ અને રાજ્યના સમૃદ્ધ અને ગૌરવશાળી ઈતિહાસનો પરિચય કરાવવામાં ડાક ટિકિટોનું મહત્વપૂર્ણ સ્થાન છે. યુવા પેઢી અને વિદ્યાર્થીઓ માટે ડાક ટિકિટોનું સંગ્રહ માત્ર શોખ જ નહીં, પરંતુ જ્ઞાનવર્ધન માટે પણ એક શક્તિશાળી માધ્યમ છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ડાક ટિકિટ પ્રદર્શન 'ફિલાવિસ્ટા ૨૦૨૪'નું મુખ્ય આકર્ષણ માત્ર ભારત નહીં, પરંતુ સમગ્ર વિશ્વની ડાક ટિકિટોનો અનોખો સંગ્રહ છે. આ પ્રદર્શનમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૬૮ દેશોમાં જારી કરેલી કુલ ૧૬૦૪ ડાક ટિકિટો પ્રદર્શિત કરવામાં આવી છે. તેમણે ગૃહ મંત્રી અને મુખ્યમંત્રી દ્વારા આ અવસરે જારી કરવામાં આવેલા વિશેષ આવરણ અંગે જણાવ્યું કે, ગાંધીનગરએ પોતાના અંદર અજોડ સ્થાપત્ય કલા વારસો સાચવ્યો છે. અહીં આવેલી અડાલજની વાવ, અક્ષરધામ મંદિર, વિઠ્ઠલભાઈ પટેલ ભવન – ગુજરાત વિધાનસભા, દાંડી કૂટિર, મહાત્મા મંદિર મ્યુઝિયમ, ગિફ્ટ સિટી વગેરે અનેક પ્રસિદ્ધ સ્થળો તેને અભૂતપૂર્વ સૌંદર્ય આપે છે. આ વિશેષ ડાક આવરણ દ્વારા અહીંની સંસ્કૃતિ અને વારસાનું દેશ-વિશ્વમાં પ્રસારણ થશે.

ગાંધીનગર મંડળના પ્રવર ડાક અધિક્ષક શ્રી પિયૂષ રજકે જણાવ્યું કે, 'ફિલાવિસ્ટા ૨૦૨૪' ડાક ટિકિટ પ્રદર્શનમાં કુલ ૯૦ ફ્રેમ સ્થાપિત કરવામાં આવી છે, જેમાં દેશ-વિશ્વની અનેક ડાક ટિકિટો પ્રદર્શિત કરવામાં આવી છે. તેમાંથી ૬૯ ફ્રેમ સ્પર્ધા જુથ હેઠળ અને ૨૧ ફ્રેમ આમંત્રણ જુથ હેઠળ લગાવવામાં આવી છે. આ ડાક ટિકિટ પ્રદર્શન ૧૯ અને ૨૦ તારીખે સાંજના ૬ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે. પ્રદર્શન દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ માટે પત્રલેખન સ્પર્ધા, ફિલેટલી વર્કશોપ, ક્વિઝ, સ્ટેમ્પ ડિઝાઈન સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. માય સ્ટેમ્પ કાઉન્ટર પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર રહેશે.

ગાંધીનગર મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર એ પણ ડાક ટિકિટ પ્રદર્શનનું અવલોકન કર્યું. આ અવસરે, ગાંધીનગર શહેરના કલેક્ટર શ્રી મેહુલ કે દવે, પોલીસ આધિક્ષક શ્રી રવિ તેજા, મહાપ્રબંધક (વિત્ત) ડૉ. રાજીવ કંદપાલ, નિર્દેશક ડાક સેવા શ્રી સુરેખ રઘુનાથેન, જ્યુરી સભ્ય શ્રી માર્કંડ દવે, સહાયક નિર્દેશક શ્રી એમ. એમ. શેખ, ડિપ્ટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રીમતી મંજુલાબેન પટેલ, ગુજરાત ફિલાટેલિક એસોસિએશનના સચિવ શ્રી વિશાલભાઈ રાવલ સહીત અનેક અધિકારીઓ, ફિલેટલિસ્ટ અને વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

### મહારાષ્ટ્ર-ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર-પડઘમ શાંત

## મહારાષ્ટ્રની ૨૮૮ અને ઝારખંડની ૩૮ બેઠકો માટે આજે મતદાન

### મહારાષ્ટ્રમાં મહાયુતિ અને એમવીએ વચ્ચે જંગ ઝારખંડમાં હેમંત સોરેન સામે સત્તા બચાવવાનો પડકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

જંગી રેલીઓ, સ્ટાર પ્રચારકોની ભીડ, વચનોની લ્હાણી અને જાત-ભાતના નારાઓથી મતદારોને આકર્ષવાની રાજકીય પક્ષોની હોડ વચ્ચે મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકો અને ઝારખંડ વિધાનસભાની ૩૮ બેઠકો માટે ૨૦મી નવેમ્બરે યોજાનારા બીજા તબક્કાના મતદાન માટેના પ્રચાર પડઘમ સોમવારે સાંજે પાંચ વાગે શાંત થયાં હતાં. બંને રાજ્યોમાં ૨૩મી નવેમ્બરે મત ગણતરી હાથ ધરાશે. આંતરિક જૂથબંધી, પક્ષ વિભાજન અને તડજોડના રાજકારણને કારણે તાજેતરના વર્ષોમાં દેશના રાજકારણમાં ચર્ચામાં રહેલાં મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળના વર્તમાન સત્તાધારી મહાયુતિ ગઠબંધન અને કોંગ્રેસના નેતૃત્વવાળી મહા વિકાસ અઘાડી વચ્ચે સીધી ટક્કર છે. બીજી તરફ ઝારખંડમાં ૩૮ બેઠકો માટે યોજાનારા બીજા તબક્કાના મતદાનમાં ૫૨૮ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થશે. રાજ્યના વર્તમાન મુખ્યમંત્રી હેમંત સોરેન સામે પોતાની સત્તા બચાવવાનો પડકાર છે. હેમંત સોરેન વિરુદ્ધ ભાજપ ના બાબુલાલ મરાંડી અને અમર બૌરી તથા સુદેશ મહતો જેવા ઉમેદવારો છે. ચૂંટણીમાં હેમંત સોરેનની ઝારખંડ મુક્તિ મોરચા(જેએમએમ) ઈન્ડિયા ગઠબંધનના તેના સાથી પક્ષો કોંગ્રેસ અને આરજેડીની મદદથી ફરી એકવાર સત્તા હાંસલ કરવા પ્રયત્નશીલ છે. મહારાષ્ટ્રનો જંગ જીતવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના ભાજપના



ટોચના નેતાઓ ઉપરાંત દેવેન્દ્ર ફડણવીસ અને જેપી નડ્ડા અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કર્યો છે. મહારાષ્ટ્રની વર્તમાન મહાયુતિ સરકાર મુખ્યત્વે સમૃદ્ધિ માર્ગ અને મુંબઈ મેટ્રો જેવા વિકાસના કામો ઉપરાંત લાડકી બહિન યોજના, રોજગાર સર્જન તથા મહારાષ્ટ્રને એક ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા જેવા મુદ્દાઓને આધારે રાજ્યના મતદારોને પોતાની તરફ આકર્ષવા પ્રયાસ કરી રહી છે. જ્યારે બીજી તરફ વિપક્ષી ગઠબંધન મહાવિકાસ અઘાડી (એમવીએ)એ રાજ્યમાં ભ્રષ્ટાચાર, વધતું દેવું, ખેડૂતોની સમસ્યાઓ નિવારવાના અપૂરતા પગલાં સહિતના મુદ્દા આગળ ધરી મતદારોને એમવીએને સત્તા આપવા અપીલ કરી છે. એમવીએ તરફથી શરદ પવાર, રાહુલ ગાંધી અને ઉદ્ધવ ઠાકરે જેવા નેતાઓએ જંગી રેલીઓ સંબોધી રાજ્યની વર્તમાન સરકારની ખામીઓ પરત્વે મતદારોનું ધ્યાન ખેંચ્યુ છે. આ ઉપરાંત તેમણે ખેડૂતોને પાક લોનમાં માફી આપવાની, જાતિ આધારિત વસતિ ગણતરી અને અનામતના ક્વોટામાં વધારો કરવા સહિતના વચનો પોતાના ચૂંટણી ઢંઢેરામાં જાહેર કર્યા છે.

### દિલ્હીમાં હિમાચલ ભવન જપ્ત કરવાનો આદેશ

। હિમાચલ પ્રદેશ, તા.૧૯ ।

હિમાચલ પ્રદેશની સુક્ખુ સરકારને આજે મંગળવારે હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકાર દ્વારા સેલી હાઈડ્રો કંપનીને રૂ. ૬૪ કરોડના લેણાંની ચૂકવણી ન કરવા બદલ દિલ્હીમાં હિમાચલ ભવનને જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. સેલી હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર કંપની લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી બાદ આદેશ જારી કરવામાં આવ્યો છે. કોર્ટે આદેશ આપ્યો છે કે, કંપનીને તેની બાકી રકમ વસૂલવા માટે હિમાચલ ભવનની હરાજી કરવાની મંજૂરી આપવામાં આવે. હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના જસ્ટિસ અજય મોહન ગોયલે રૂ. ૬૪ કરોડના લેણાંને લઈને આ આદેશ આપ્યો હતો. હકીકતમાં, કંપનીને રાજ્યના ઉર્જા વિભાગ પાસેથી વ્યાજ સહિત આ રકમ મળવાની હતી, જે હજુ સુધી આપવામાં આવી નથી.

### વિપક્ષ ચૂંટણી પંચ સામે આક્રમક । તાવડે ૫ કરોડ રૂપિયા લઈને ત્યાં વહેંચવા આવ્યા હતાં જોકે, તાવડેએ આ આરોપોને નકારી દીધા છે

## ભાજપના વિનોદ તાવડે પર ૫ કરોડ વહેંચવાનો આરોપ

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧૯ ।

મહારાષ્ટ્ર ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટીના કદાવર નેતા અને રાષ્ટ્રીય મહા સચિવ વિનોદ તાવડે પર પૈસા વહેંચવાનો ગંભીર આરોપ લાગ્યો છે. તાવડેને મુંબઈની હોટેલમાં વિપક્ષી પાર્ટી બહુજન વિકાસ અઘાડીના કાર્યકર્તાઓને ઘેરી લીધા છે. BVAના કાર્યકર્તાનો આરોપ છે કે, તાવડે ૫ કરોડ રૂપિયા લઈને ત્યાં વહેંચવા આવ્યા હતાં. જોકે, તાવડેએ આ આરોપોને નકારી દીધા છે. વિરોધીઓએ હાલ આખી વિવાંતા હોટલને સીલ કરી દીધી છે અને સ્થિતિ ખૂબ જ તણાવપૂર્ણ જણાઈ રહી છે. જણાવી દઈએ કે, આ વિસ્તારમાં BVAની સ્થિતિ ઘણી મજબૂત માનવામાં આવે છે. BVA કાર્યકરોનો આરોપ છે કે તાવડે મતદાન માટે રોકડ વહેંચવા આવ્યા હતા. આ દરમિયાન અનેક પોલીસ અધિકારીઓ પણ



હોટલ પર પહોંચી ગયા છે. BVAના કાર્યકરો વિવાંતા હોટલ ખાતે જમા થઈ રહ્યા છે. આ હોબાળા વચ્ચે બહુજન વિકાસ આઘાડીના વડા હિતેન્દ્ર ઠાકુર પોતાના દીકરા ક્ષિતિજ ઠાકુર સાથે હોટલ, પહોંચ્યા છે. હિતેન્દ્રનો આરોપ છે કે, વિનોદ તાવડે ૫ કરોડ રૂપિયા લઈને અહીં આવ્યા હતા. તેમની પાસેથી બે ડાયરીઓ મળી આવી છે. જણાવી દઈએ કે હિતેન્દ્ર અને તેમનો પુત્ર બંને વસઈ અને નાલાસોપારાથી ધારાસભ્ય છે. આ વખતે ક્ષિતિજ ફરીથી નાલાસોપારા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તાવડેએ પોતાના બચાવમાં કહ્યું કે, હું બુથ મેનેજમેન્ટના કામ માટે ત્યાં ગયો હતો. તેઓ તેમના કાર્યકરોને મતદાન કર્યા પછી ઈવીએમ મશીનો કેવી રીતે સીલ કરવામાં આવે છે તે જણાવવા માટે બેઠકમાં આવ્યા હતા. આ દરમિયાન અમારા વિરોધ પક્ષના કાર્યકરોને લાગ્યું કે પૈસાની વહેંચણી થઈ રહી છે. હું ૪૦ વર્ષથી પાર્ટીમાં છું. સત્ય બધા જાણે છે, પરંતુ તેમ છતાં ચૂંટણી પંચ અને પોલીસે આ મામલે તપાસ કરવી જોઈએ. હોટલમાં સીસીટીવી ફૂટેજ છે. તપાસ થશે તો બધું સ્પષ્ટ થઈ જશે. આ ઘટના પર ભાજપ IT સેલનાસ પ્રમુખ અમિત માલવિયાનું નિવેદન સામે આવ્યું છે. માલવિયાએ કહ્યું કે, જો વિપક્ષ પાસે કોઈ પૂરાવા છે તો ચૂંટણી પંચ પાસે જવું જોઈએ. ચૂંટણીના ૨૪ કલાક પહેલાં નેતા પોતાનું બુથ મેનેજમેન્ટ જુએ છે.

### દિલ્હી યુનિ.ના વિદ્યાર્થિની હરિની અમરસૂર્યા શ્રીલંકાના નવા વડાપ્રધાન બન્યા

। કોલંબો,તા.૧૯ ।

દિલ્હી યુનિવર્સિટીમાં ભણેલા હરિની અમરસૂર્યાને શ્રીલંકાના નવા વડાપ્રધાન બનાવાયા છે. આ પદ પર બીરાજનાર તેઓ શ્રીલંકાના ત્રીજા મહિલા નેતા છે. તેઓ બે મહિના અગાઉ શ્રીલંકામાં બનેલી વચગાળાની સરકારમાં પણ વડાપ્રધાન રહી ચૂક્યા છે. અમરસૂર્યા રાજકારણમાં એન્ટ્રીના પાંચ જ વર્ષમાં વડાપ્રધાન બન્યા છે. હરિની અમરસૂર્યા ૧૯૯૧થી ૧૯૯૪ સુધી દિલ્હી યુનિવર્સિટીના હિન્દુ કોલેજમાં ભણી ચૂક્યા છે.

### સરકાર દ્વારા તેમની અવગણના કરવામાં આવી રહી છે

## શંભુ બોર્ડર પર બેઠેલાં ખેડૂતો છઠ્ઠી ડિસેમ્બરે દિલ્હી કૂચ કરશે

### ટ્રેક્ટર-ટ્રોલી નહીં જાય; ખેડૂત નેતાએ કહ્યું હતું કે છેલ્લા ૯ મહિનાથી શાંતિપૂર્વક બેઠાં છીએ

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૯ ।

હરિયાણાની શંભુ બોર્ડર પર ખેડૂતોનો જમાવડો વધી રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. ખેડૂતોએ ફરી એકવાર દિલ્હી કૂચ કરવાની તૈયારી કરી લીધી છે. ૧૮ નવેમ્બરે ખેડૂતોની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ખેડૂતો ૬ ડિસેમ્બરે દિલ્હી સુધી કૂચ કરશે. ખેડૂત આગેવાન સર્વનસિંહ પંઢેરે જણાવ્યું હતું કે ખેડૂતો ૯ મહિનાથી શાંતિ પૂર્વક બેઠા છે, પરંતુ સરકાર દ્વારા તેમની અવગણના કરવામાં આવી રહી છે. આ કારણોસર અમે દિલ્હી જવાનું નક્કી કર્યું છે. ખેડૂતો શંભુ બોર્ડરથી જ દિલ્હી જવા રવાના થશે. આ વખતે અમે અમારી સાથે ટ્રેક્ટર-ટ્રોલી નહીં લઈએ પરંતુ સમૂહમાં જઈશું. આ સાથે પંઢેરે સરકાર પાસે પ્રદર્શન માટે જગ્યા આપવાની માંગ કરી છે. તેમણે મોદી સરકારને અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે સરકાર પાસે ૬ ડિસેમ્બર સુધીનો સમય છે.

## જંબુસરના મગણાદ પાસે સર્જાયો ગમખ્વાર અકસ્માત, ૭ લોકોના મોત

। (એજન્સી) જંબુસર, તા.૧૯ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે ભરૂચના જંબુસરના મગણાદ પાસે અકસ્માત સર્જાયો છે. જેમાં ૭ લોકોના મોત નિપજ્યાં છે. કારમાં સવાર ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે ભરૂચના જંબુસરના મગણાદ પાસે અકસ્માત સર્જાયો છે. જેમાં ૬ લોકોના મોત નિપજ્યાં છે. કારમાં સવાર ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ તમામ લોકોને તાત્કાલિક સારવાર અર્થે વડોદરા ખસેડાયા છે. રસ્તા પર ઉભેલી ટ્રક સાથે કાર અથડાઈ જતા આ દુર્ઘટના બની હતી. સમગ્ર ઘટનાની વાત કરીએ તો મગણાદ પાસે રસ્તા પર ઉભેલી ટ્રક સાથે પૂરપાટે આવતી કાર અથડાતા ૭ લોકોના મોત થયા છે. જેમાં ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. તમામ લોકો શુકલતીર્થના મેળામાં દર્શન કરવા અને પ્રવાસ માટે જઈ રહ્યાં હતા.

## પેરિસથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઇટને જયપુરમાં છોડીને ભાગ્યો પાયલટ

। (એજન્સી) જયપુર, તા.૧૯ ।

પેરિસથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં એક અજીબોગરીબ ઘટના બહાર આવી છે. આ ફ્લાઈટનો પાયલટ પોતાનો ડ્યૂટી ટાઈમ પૂરો થવાને કારણે ફ્લાઈટને અધવચ્ચે જયપુરમાં છોડીને ચાલ્યો ગયો હતો. પાયલટે કહ્યું કે, "તેની ફરજના કલાકો પૂરા થઈ ગયા છે." ફ્લાઈટમાં સવાર ૧૮૦થી વધુ મુસાફરો જયપુર એરપોર્ટ પર ૯ કલાક સુધી પરેશાન રહ્યા હતા અને વૈકલ્પિક ફ્લાઈટની માંગ કરી હતી. આ પછી તેમને રોડ માર્ગે દિલ્હી મોકલવામાં આવ્યા હતા. મહત્ત્વપૂર્ણ છે કે, આ ફ્લાઈટ એર ઈન્ડિયાની AI-2022 હતી, જે રવિવારે રાત્રે ૧૦ વાગ્યે પેરિસથી દિલ્હી માટે રવાના થઈ હતી. ફ્લાઈટનો નિર્ધારિત સમય સવારે ૧૦:૩૫નો હતો, પરંતુ ખરાબ હવામાનને કારણે પ્લેન દિલ્હીમાં ઉતરી શક્યું ન હતું. આ પછી, એર ટ્રાફિક કંટ્રોલ ની સૂચના પર, પાયલટે ફ્લાઈટને જયપુરમાં લેન્ડ કરાવી.

### દેશમુખ પર સોમવારે સાંજે હુમલો થયો હતો

## અનિલ દેશમુખ બાદ મહારાષ્ટ્રમાં વધુ એક નેતા પર હુમલો, માથામાં થઈ ઈજા

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧૯ ।

મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અને શરદ પવાર જૂથના નેતા અનિલ દેશમુખની કાર પર હુમલા બાદ વધુ એક નેતા પર હુમલો થયો છે. સોમવારે સાંજે છત્રપતિ સંભાજીનગરના ગંગાપુર વિધાનસભા ક્ષેત્રમાં અપક્ષ ઉમેદવાર સુરેશ સોનાવણેની કાર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના સાંજે ૭.૩૦ વાગ્યે બની હતી. સોનાવણેને માથામાં સામાન્ય ઈજા થઈ છે. પોલીસ ડેપ્યુટી કમિશનર નીતિન બાગટેએ જણાવ્યું હતું કે વલુજ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લાંજી ગામમાં એક અજાણ્યા વ્યક્તિએ પથ્થરમારો કર્યો હતો.

### સ્મારકો પર માલિકીનો દાવો કરીને મોટો વિવાદ ઉભો કર્યો

## કર્ણાટકના ઐતિહાસિક બિદર કિલ્લા અને બે ગામો ઉપર વક્ફ બોર્ડનો દાવો

। (એજન્સી) બેંગ્લુરુ, તા.૧૯ ।

કર્ણાટક બોર્ડ ઓફ વક્ફએ બિદર કિલ્લાની અંદર ૧૭ ઐતિહાસિક સ્મારકો પર માલિકીનો દાવો કરીને મોટો વિવાદ ઉભો કર્યો છે. આ પગલાથી કિલ્લાનું સંચાલન અને જાળવણી કરતી ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ને આશ્ચર્ય થયું છે. દાવો કરાયેલા સ્મારકોમાં 'સોળ સ્તંભ' મસ્જિદ જેવા મુખ્ય ઐતિહાસિક સ્થળો અને બહમાની રાજવંશના શાસકોની બહુવિધ કબરોનો સમાવેશ થાય છે, જે સ્થાનિક સમુદાયમાં અશાંતિ ફેલાવે છે. આ ઉપરાંત બિદર તાલુકાના ધર્મપુર અને ચતનલ્લી ગામો પર વકફ બોર્ડ દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

### સંચાલક સામે દોઢ કરોડની ઉચાપત કર્યાની ફરિયાદ

## પાલનપુરની ઉમિયા B.ED કોલેજ વિવાદમાં આવી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૯ ।

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરની ઉમિયા B.ED કોલેજ વિવાદમાં આવી છે. કોલેજના સંચાલક સામે કરોડાની રકમની ઉચાપતની ફરિયાદ નોંધવામાં આવી છે. ભરત બાંટિયા અને તેની પત્ની પુષ્પાબેન સામે ફરિયાદ નોંધવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુરની ઉમિયા B.ED કોલેજ વિવાદમાં આવી છે. કોલેજના સંચાલક સામે કરોડાની રકમની ઉચાપતની ફરિયાદ નોંધવામાં આવી છે. ભરત બાંટિયા અને તેની પત્ની પુષ્પાબેન સામે ફરિયાદ નોંધવામાં આવી છે. આચાર્યની લાયકાત નહીં હોવા છતા પુષ્પાબેનનું બેંકમાં ખાતું ખોલાવવામાં આવ્યુ હતુ.

### ન્યુઝ બોક્ષ

## નલિયાની સાથે રાજ્યનું પાટનગર સૌથી ઠંડુ શહેર

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગાંધીનગર શહેર અને જિલ્લામાં દિવાળી પર્વ પૂર્ણ થયા બાદ વાતાવરણમાં પલટો આવતા થોડા દિવસ અગાઉ ઠંડી મોસમનો માહોલ જામ્યો હતો.તો બીજી તરફ હવામાનમાં પલટો આવતા ઠંડીએ વિરામ લેતા તાપમાનના પારામાં વધારો થવા પામ્યો હતો. ત્યારે બે દિવસથી રાજ્યનું સૌથી ઠંડુ શહેર પાટનગર બન્યું હોય તે પ્રકારે તાપમાનનો પારો ગગડી રહ્યો છે. સોમવારે લઘુત્તમ તાપ માન ૧૬ ડિગ્રીએ પહોંચ્યું છે. ભેજના પ્રમાણમાં વધઘટ નોંધાવવાના કારણે હાલમાં નગરજનોને ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે.ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી હવામાનમાં પલટો આવતા ઠંડીની મોસમ જામી હોય તેવું અનુભવવા મળી રહ્યું છે. લઘુતમ તાપમાનના પારામાં ઘટાડો થઈ જવાના કારણે વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાનના પારામાં પણ ઘટાડો નોંધાયો હતો.ત્યારે થોડા દિવસ અગાઉ હવામાનમાં ફેરબદલ થવાની સાથે સાથે ઠંડીએ વિરામ લેતા તાપમાનના પારામાં વધારો નોંધાયો હતો.તો બીજી તરફ તાપમાનના પારામાં ઘટાડો થવાના કારણે બદલાયેલા હવામાનથી ઠંડી આકરી બની રહી છે. સોમવારે સવારનું તાપમાન ૧૬ ડિગ્રી આવીને અટક્યું છે. તો સાંજનું ૩૩ ડિગ્રીએ નોંધાયું છે.તો બીજી તરફ ભેજના પ્રમાણમાં પણ વધારો- ઘટાડો થવાના કારણે નગરજનોને રાત્રિના સમયે ઠંડીનો સામનો કરવો પડે છે. લઘુત્તમ તાપમાનના પારામાં ઘટાડો થવાના કારણે થોડા દિવસના વિરામ બાદ ઠંડીની મોસમ શરૂ થઈ ગઈ હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.દિવસ અને રાત્રિના તાપમાનમાં ૧૭ ડીગ્રીનો તફાવત નોંધાવવા છતાં હાલમાં પાટનગરવાસીઓ ઠંડીની મોસમનો સામનો કરી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં ઠંડી વધશે તેવી આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

### ઈન્દિરા બ્રિજથી નર્મદા કેનાલ સુધી વિસ્તરણ યોજના

# AMC અમદાવાદમાં ન્યૂયોર્ક ટાવર જેવો ટાવર બનાવશે

### બજેટમાં ઈન્દિરા બ્રિજથી આગળ સાબરમતી રિવરફ્રન્ટને નર્મદા કેનાલ સુધી લંબાવવા સહિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં સિંધુ ભવન રોડ પર એક નવું જ વિશાળ આયોજન કરવામાં આવ્યું છે, જે ૧૨૫ મીટર ઊંચા ટાવરથી ઘેરાયેલું હશે, જેની બંને બાજુએ એમ્ફી થિયેટર હશે. થેનારસને જણાવ્યું હતું કે તે શહેર માટે અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ હશે. ચૂંટણીનું વર્ષ હોવાથી તેમણે ટેક્સ વધારવાની દરખાસ્ત કરી નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર એમ થેનારસને સ્થાયી સમિતિ સમક્ષ તેમના નાણાં જમા કરાવ્યા હતા. ડ્રાફ્ટ બજેટ દરખાસ્તમાં રૂ. ૧૦,૮૦૧ કરોડની જાહેરાત કરવામાં આવી હતી.

૨૦૩૬ ઓલિમ્પિક્સ બિડને ધ્યાનમાં રાખીને, AMC શહેર માટે ભાવિ માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે આ વર્ષે સલાહકારની નિમણૂક કરશે. સાબરમતી રિવરફ્રન્ટને ઈન્દિરા બ્રિજથી નર્મદા કેનાલ સુધી ૪.૫ કિમી સુધી લંબાવવા માટે રૂ. ૧,૦૦૦ કરોડની ફાળવણી સાથે ત્રીજા તબક્કામાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેને આરામ અને મનોરંજનનું ક્ષેત્ર બનાવવાનું છે. આ વર્ષે, સરખેજે એક નવો સ્વિમિંગ પૂલ, ડ્રેનેજ લાઈન, સુએજ પમ્પિંગ સ્ટેશન, કોમ્યુનિટી હોલ, શાંતિપુરા સર્કલ અને સાણંદ સ્ક્વેર વચ્ચે વિકસિત આઈકોનિક રોડ અને ઓકાફ લેકની આસપાસ બોટનિકલ ગાર્ડન દ્વારા ધ્યાન ખેંચ્યું છે. બજેટમાં શહેરના ડેટાના પૂરને નિયંત્રિત કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ યુનિટની સ્થાપના કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે. થેનરસને જણાવ્યું હતું કે AI-સંચાલિત તકનીકો જેમ કે સ્પીચ-ટુ-ટેક્સ્ટ અને રીઅલ-ટાઈમ ટ્રાન્સલેશન મીટિંગ્સ અને સંચારને સુવ્યવસ્થિત કરશે.

AI ની પહોંચ સીસીટીવી, ડ્રોન અને મોબાઈલ ફોનથી ડેટા એકત્ર કરવાથી લઈને નાગરિક સેવાઓમાં સુધારો કરવા, સુરક્ષા પર દેખરેખ રાખવા અને પ્રોપર્ટી ટેક્સ કલેક્શનને ઑપ્ટિમાઈઝ કરવા સુધી વિસ્તરશે. ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે, શહેરમાં ઉભરતા સ્ટાર્ટઅપ્સ માટે એક વિશેષ ઈક્યુબેશન સેન્ટર સ્થાપવામાં આવશે. બજેટમાં એવી દરખાસ્ત પણ કરવામાં આવી છે કે ૨૦૭૦ સુધીમાં શહેર નેટ ઝીરો સિટી બની જશે. આ માટે ૫૦ મેગાવોટના રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ પર કામ ચાલી રહ્યું છે, જેમાં ૩૦ મેગાવોટ સોલર એનર્જી અને ૨૦ મેગાવોટ વિન્ડ એનર્જી હશે.

### ભાજપ નેતાના પુત્રની હત્યા મામલે

## કારેલીબાગ પોલીસ સ્ટેશનના બે પોલીસકર્મીઓ સસ્પેન્ડ કરાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

વડોદરા ભાજપના નેતા રમેશ પરમાર ઉર્ફે રાજાનાં પુત્ર તપનની હત્યા મામલો કારેલીબાગ પોલીસનાં બે પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ફરજ પર બેદરકારીને પગલે શહેર પોલીસ કમિશ્નર દ્વારા એક્શન લેવામાં આવ્યું છે. આરોપી બાબરને જીજીએ હૉસ્પિટલ લઈને આવ્યા બાદ ફરજ પર બેદરકારી રાખવામાં આવી હતી.વડોદરામાંથી નજીવી બાબતમાં યુવાનો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં બે યુવાનને તિક્ષ્ણ હથિયારના ઘા માર્યા હતા. આ ઘટનામાં કુખ્યાત બાબરને પણ ઈજા પહોંચી હતી ત્યારે તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના સાંભળીને પૂર્વ કોર્પોરેટરનો પુત્ર પણ હોસ્પિટલ પહોંચ્યો હતો. ત્યાં પૂર્વ કોર્પોરેટરના પુત્ર પર હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સ્થિતિમાં યુવાનને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી, પરંતુ સારવાર દરમ્યાન યુવાનનું મોત નિપજ્યું હતું. આ યુવાનની ઓળખ તપન પરમાર તરીકે થઈ છે, જે ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ પરમાર પુત્ર હતો. તપન પરમારના બે મહિના પછી લગ્ન થવાના હતા. પુત્રના અકાળે મોત બાદ પરિવારમાં માતમનો માહોલ છવાયો હતો.

ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ રાજાએ જણાવ્યું હતું કે, 'નાગરવાડા મેહેતા વાડીમાં ઝઘડો થયો હતો તે બાદ સરકારી સ્કૂલ પાસે ઝઘડો થતા વિક્રમ અને ભયલુને ગંભીર ઈજા થઈ હતી તે બંનેને સારવાર માટે હું અને મારો પુત્ર સહિત સ્થાનિક યુવકો સયાજી હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. બંનેની સારવાર ચાલુ કર્યા બાદ તેના માતા-પિતાને મળ્યો હતો અને મારા દીકરાને કહ્યું હતું કે આ બંને યુવકની સારવાર થાય તે પછી તું ઘરે આવી જજે તેમ કહી ઘરે પહોંચ્યો હતો. આ દરમિયાન જ અચાનક એક યુવક મને ઘરે બોલાવવા માટે આવ્યો અને સયાજી હોસ્પિટલ પાછા આવવા જણાવ્યું હતું. જેથી હું સયાજી હોસ્પિટલ પહોંચ્યો જ્યાં મને મારા દીકરા પર બાબર પઠાણ નામના યુવકે તલવારથી હુમલો કરીને મારી નાખ્યો હોવાની જાણકારી મળી હતી.રમેશ રાજાએ આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતુ કે, પોલીસની હાજરીમાં બાબર પઠાણને સયાજી હોસ્પિટલમાં લઈ આવ્યા હતા.

## રાજકોટ STને જૂનાગઢનો ફેરો ફળિયો, લાખો રૂપિયાની વધારાની આવક થઈ

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટ એસ.ટી.ને જૂનાગઢનો ફેરો ફળ્યો છે. રૂપિયા ૨૨ લાખથી વધુની વધારાની આવક એસ.ટી.ને થઈ છે તો સાથે જ હજારો મુસાફરોને સારી યાત્રા પણ મળી છે. તાજેતરમાં જ જૂનાગઢની લીલી પરિક્રમા પૂર્ણ થઈ. આ પરિક્રમા શરૂ થાય એ પહેલા રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા વધારાની ૫૦ જેટલી એક્સ્ટ્રા બસ દોડાવવામાં આવી હતી. દેશના અલગ અલગ રાજ્યો ઉપરાંત ગુજરાતના અનેક લોકો એસ.ટી. બસ મારફતે જૂનાગઢ પહોંચ્યા હતા. રાજકોટ એસ.ટી. વિભાગીય નિયામક જે.બી. કલોતરાએ જણાવ્યું હતું કે, 'ગિરનાર પર્વત પર યોજાતી લીલી પરિક્રમાનો રાજકોટ અને સૌરાષ્ટ્રવાસીઓમાં અનેરો મહિમા રહેલો છે. જેથી યાત્રાળુઓને જૂનાગઢ જવા માટે કોઈ તકલીફ ન પડે તેના માટે રેગ્યુલરની સાથે ૫૦ એક્સ્ટ્રા બસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ જેટલા મુસાફરો થતાની સાથે તરત બસ ઉપાડી લેવામાં આવતી હતી. એક્સ્ટ્રા સંચાલનમાં કુલ ૪૪૨ ટ્રીપ દોડાવવામાં આવી હતી.' વધુમાં તેમણે જણાવ્યું હતું કે, લીલી પરિક્રમા માટેની સ્પેશિયલ બસોનો લાભ હજારો મુસાફરોએ લીધો હતો. જેને પગલે માત્ર આ ચાર દિવસ દરમિયાન રાજકોટ એસ.ટી. વિભાગને રૂ. ૨૨ લાખની વધારાની આવક થઈ છે. આગામી સમયમાં પણ મુસાફરોની સુવિધા માટે એસ.ટી. વિભાગ દ્વારા વધારાની બસો જુદા જુદા રૂટ ઉપર મુકવામાં આવશે.

## પંચમહાલમાં મમરાની ગુણોની આડમાં દારૂની હેરાફેરી

। પંચમહાલ, તા.૧૯ ।

ગુજરાતમાં ખાલી નામની જ દારુબંધી હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં ઠેર-ઠેર ખુલ્લેઆમ દારુનું વેચાણ થતું હોવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. હવે પંચમહાલમાં એક અલગ જ પ્રકારની દારુની હેરાફેરીની ઘટના સામે આવી છે. પંચમહાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોરવાહડફના સંતરોડ ઓવરબ્રિજ પાસેથી ચાર શખસની ધરપકડ કરી છે. આ લોકો મમરાની ગુણોની આડમાં દારૂની હેરાફેરી કરતા હતા. તેઓ પાસેથી એક ઈન્ડિકા વિસ્ટા કાર પણ જપ્ત કરાઈ છે. આમ, પોલીસે કુલ ૨૯.૧૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### ૯ વર્ષની બાળા પર દુષ્કર્મ આચરનારા

## ૫૫ વર્ષના આધેડને કોર્ટે ફટકારી ૨૦ વર્ષની સજા

### દંડ ભોગબનનારને ચૂકવવો તેમજ રૂા ૬ લાખનું કમ્પેન્શેસન સ્કીમમાંથી ભોગબનનારને આપવા અદાલતે હુકમ કર્યો છે

। (એજન્સી) ભાવનગર, તા.૧૯ ।

ભાવનગર શહેરના ફુલસર રોડ પર રહેતા આધેડે તેની દીકરીથી પણ નાની ઉંમરની એક નવ વર્ષની માસૂમ બાળા ઉપર બળાત્કાર ગુજાર્યાની ચકચારી ઘટનામાં ભાવનગર કોર્ટે સમાજમાં દાખલો બેઠે તેવી સજાનો ચુકાદો આપી દુષ્કર્મ આચરનારા આધેડને ૨૦ વર્ષ કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત હવસખોરનો ભોગબનનાર બાળકીને છ લાખનું વળતર આપવા હુકમ કર્યો હતો. ભાવનગરના ફુલસર રોડ પર કાંતિનગરમાં પ્લોટ નં.૧૮૦માં રહેતો ૫૫ વર્ષીય હિંમત રત્નાભાઈ બઢિયા નામના શખ્સે બે વર્ષ પૂર્વે ગત તા.૧૮-૧૨-૨૦૨૨ના રોજ રાત્રિના સમયે એક નવ વર્ષની માસૂમ બાળકીને તેના ઘરમાં બોલાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ઘટના પ્રકાશમાં આવતા હવસખોર આધેડ સામે ચોતરફથી ફિટકાર વરસી હતી. બાળકીના પરિવારે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૭૬ (એ) (બી), પોક્સો એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો દાખલ કરી શખ્સને ઝડપી લીધો હતો.દરમિયાનમાં આ કેસ ભાવનગરના ત્રીજા એડીશનલ સેશન્સ જજ એમ. બી. રાઠોડની કોર્ટમાં ચાલી ગયો હતો. કોર્ટમાં દલીલો, આધાર-પુરાવા, સાક્ષીઓ વગેરેને ધ્યાને રાખી પોક્સો એક્ટની કલમ ૩, ૫, ૬ મુજબના ગુનામાં કસુરવાન ઠેરવીને નરાધમને ૨૦ વર્ષની સજા, રોકડ રૂા.૫૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડ ભોગબનનારને ચૂકવવો તેમજ રૂા. ૬ લાખનું કમ્પેન્શેસન સ્કીમમાંથી ભોગબનનારને આપવા અદાલતે હુકમ કર્યો છે.

## પાટડીમાં ACBના PIના ભાઇના ઘરમાંથી ઝડપાયું જુગારધામ

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૯ ।

પાટડીમાં ACBના PIના ભાઈના ઘરમાંથી ઝડપાયું જુગારધામ, ૨૫ પુરૂષો ૫ મહિલા રંગે હાથ ઝડપાયારાજ્યમાં ગુનાખોરીનો ગ્રાફ ઘટવાને બદલે ધીમે ધીમે વધી રહ્યો છે, ત્યારે આવી જ એક ગેરકાયદેસર પ્રવૃતિ સુરેન્દ્રનગરના પાટડીમાંથી ઝડપાઈ છે. મળતા અહેવાલ પ્રમાણે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીમાં ગેરકાયદેસર રીતે ધમધમતા જુગારધામ પર ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલના દરોડા પડ્યા હતા.આ દરોડામાં ૨૫ પુરૂષો અને ૫ મહિલાઓ જુગાર રમતા રંગે હાથ ઝડપાયા છે.ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે એક ઘરમાં મોટા પાયે જુગારધામ ચાલી રહ્યું છે. બાતમીના આધારે SMCની ટીમે દરોડા પાડ્યા હતા. ACBના PIના ભાઈ કિરણ ઠાકોરના ઘરે જુગારનો અડ્ડો ધમધમતો હોવાનું સામે આવ્યુ છે.રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં આ જુગારધામ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

## જુનાગઢમાં સાસણ ગીર ખાતે ઇકો ઝોન મુદ્દે વિરોધનો વંટોળ

। (એજન્સી) જુનાગઢ, તા.૧૯ ।

ઈકો ઝોન મુદ્દે સાસણગીરમાં વિરોધ યથાવત છે. સાસણગીરમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ એકત્ર થઈ ટ્રેક્ટર રેલી યોજી હતી. જે બાદ સાસણ ગીર વન વિભાગની કચેરીએ RFOને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. જેમા ઈકો ઝોન નાબૂદ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

ઈકોઝોન મુદ્દે ખેડૂતો લડી લેવાના મૂડમાં છે અને કોઈપણ રીતે નમતુ જોખવા તૈયાર નથી. ત્યારે સાસણગીરમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ અકત્ર થયા હતા અને વિશાળ ટ્રેક્ટર રેલી યોજી હતી. ઈકો ઝોન મુદ્દે ગીર પંથકમાં છેલ્લા ૬૦ દિવસથી વિરોધનો વંટોળ છે. ત્યારે, ફરી એક વાર સાસણ ગીર ખાતે ખેડૂતો એકત્ર થયા અને ટ્રેક્ટર રેલી યોજી વિરોધ નોંધાવ્યો. તેમણે, હેલિપેડ ખાતે એકત્ર થઈને RFO કચેરી સુધી ટ્રેક્ટર અને બાઈક રેલી યોજી. આ વિરોધ પ્રદર્શનમાં AAPના નેતા ગોપાલ ઈટાલિયા અને પ્રવીણ રામ પણ ઉપસ્થિત રહ્યા.

## કેનેડા-યુએસ બોર્ડર ક્રોસ કરતા થીજીને મૃત્યુ પામ્યો ગુજરાતી પરિવાર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

કેનેડા-અમેરિકા સરહદ પર ગુજરાતી પરિવારનું ઠંડીમાં થીજી જવાથી મૃત્યુ થયું છે. જગદીશ પટેલ, તેમની પત્ની અને બે બાળકોનો સમાવેશ થતો પરિવાર ગેરકાયદેસર રીતે સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ ઘટના ગેરકાયદેસર સ્થળાંતરના જોખમો અને માનવ તસ્કરીના ગુનાઓને પ્રકાશમાં લાવે છે. ડઝનેક લોકોના મોત છતાં, કેનેડાથી અમેરિકામાં ભારતીયોના સ્થળાંતરની પ્રક્રિયા જીવલેણ મુસાફરી દ્વારા ચાલુ છે અને એક ભારતીય પરિવાર સરહદ પાર કરતી વખતે થીજી જવાને કારણે મૃત્યુ પામ્યો છે. જગદીશ પટેલ, તેમની પત્ની અને તેમના બે નાના બાળકોએ કેનેડાની બોર્ડરનો લગભગ ખાલી ભાગ ઓળંગીને અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો અને ચારેય માટે આ પ્રયાસ મોતનો દ્વાર સાબિત થયો છે. મીડિયા અહેવાલ અનુસાર, કેનેડાથી યુએસમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા ચાર લોકોના એક ગુજરાતી પરિવારનું દેશમાં તાપમાનમાં તીવ્ર ઘટાડા વચ્ચે ઠંડીથી થીજીને મૃત્યુ થયું હતું.

**વિશેષ** | ઉમરગામ, પારડી અને વાપી તાલુકાના રૂ. ૮. ૧૦ કરોડના ફુલ ૩૩૬ કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૫૩ લાખના ફુલ ૧૬ વિકાસ કામોનું ઈ- લોકાર્પણ કરાયું

# ઉમરગામના મોહનગામમાં આદિવાસી અમૃત કુંભ મહોત્સવ રથ યાત્રાનું ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરે ઉમેળકાભેર સ્વાગત કર્યુ

। વિશેષ અહેવાલ અમદાવાદ ।

ભારત સરકાર દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ આદિવાસી જનજાતિય ગૌરવ દિવસ તરીકે સમગ્ર દેશમાં તા. ૧૫ નવેમ્બરના રોજ ઉજવાયા બાદ તેના ભાગરૂપે પીએમ-જનમન અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનને સાંકળી આદિવાસી અમૃત કુંભ મહોત્સવ રથ યાત્રા ૨૦૨૪ સાથે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મોહનગામ ખાતે આદિવાસી અમૃત કુંભ મહોત્સવ રથ યાત્રા આવી પહોંચતા ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર અને જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવેએ ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું.



આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરે પોતાના ઉદબોધનમાં ઉમરગામ તાલુકામાં વારલી, ધોડી અને હળપતિ સમાજની બહુધા વસ્તી હોવાનું જણાવી આદિવાસી સમાજને ક્યા ક્યા લાભો મળે છે અને કોણે કઈ કઈ યોજનાના લાભો લીધા છે તે અંગે માહિતી મેળવી હતી. ઉપસ્થિત આદિવાસી સમાજના જે બાંધવોએ સરકારની યોજનાના લાભ ન લીધા હોય તો તેમને પણ સરકારની યોજનાના લાભ લેવા માટે આગ્રહ કર્યો હતો. વધુમાં શ્રી પાટકરે તેમના ઉદબોધનમાં જણાવ્યું કે, રાજ્યના ૧૧ આદિવાસી જિલ્લાના ૨૩ તાલુકાના ૫૮૦૦ ગામોમાં આદિવાસી અમૃત કુંભ મહોત્સવ રથ યાત્રા પરિભ્રમણ કરી સરકારની યોજનાના લાભો લેવા માટે સૌને જાગૃત કરશે ત્યારે આપણી પોતાની પણ જવાબદારી બને કે, આપણે પણ જાગૃત થઈ સરકારની વિવિધ યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર બનીએ, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનની વિકાસ યાત્રામાં સામેલ થઈએ. તેમણે ગામના સરપંચને પૂછયુ હતું કે, તમારા ગામમાં કેટલા લોકોએ આવાસ યોજનાનો લાભ લીધો છે? જેના જવાબમાં સરપંચે ૩૦૦ લાભાર્થીઓએ આવાસ યોજનાનો લાભ મેળવ્યો હોવાનું જણાવ્યું હતું.

જેના પરથી અંદાજો લગાવી શકાય છે કે, સરકાર આદિવાસી સમાજના વિકાસ અને કલ્યાણ માટે મિશન મોડમાં કામગીરી કરી રહી છે. જે જમીન વિહોણા છે તેમને વડાપ્રધાનશ્રીએ જમીન આપી તેઓનું કલ્યાણ કર્યુ છે. તેમણે સરકારની મુદ્રા યોજના, વ્હાલી દીકરી યોજના, આયુષ્યમાન કાર્ડ યોજના, વિધવા પેન્શન યોજના, ખેડૂતો માટે વાડ કરવાની યોજના સહિત અનેકવિધ યોજનાનો લાભ લેવા જણાવ્યું હતું. જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવેએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલી બહેનોને બિરદાવી જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં જ્યાં પણ કાર્યક્રમો થયા તેમાંથી સૌથી વધુ બહેનોની ઉપસ્થિતિ મોહનગામમાં જોવા મળી છે. સરકાર દ્વારા રથ યાત્રાની સાથે સાથે સેવા સેતુ કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે જેમાં આધાર કાર્ડ અપ ડેટ કરવાથી માંડીને આયુષ્યમાન કાર્ડ પણ કાઢી આપવામાં આવે છે. તમામ યોજનાના લાભો આધારકાર્ડ દ્વારા મળે છે જેથી ન હોય તો તુરંત કઢાવી લેવો. સરકારની યોજનાના લાભથી જીવન ધોરણ ઉપર આવે છે એવુ આપણે અહીં લાભાર્થીઓના પ્રતિભાવ દ્વારા જાણ્યુ છે. સરકારે તમારા ઘર આંગણે યોજનાના લાભ આપવા આવી રહી છે ત્યારે પાત્રતા ધરાવતા લોકોએ ચોક્કસ લાભ લેવો જોઈએ એવી સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ ઉમરગામ, પારડી અને વાપી તાલુકામાં રૂ. ૮. ૧૦ કરોડના કુલ ૩૩૬ કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૫૩ લાખના કુલ ૧૬ વિકાસ કામોનું ઈ-લોકાર્પણ કર્યુ હતું. વિવિધ યોજનાના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. સ્વચ્છતા અંગેના શપથ પણ લેવામાં આવ્યા હતા. વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાતા ઉપસ્થિત સૌ મંત્રમુગ્ધ બન્યા હતા. ધારાસભ્યશ્રી, કલેકટરશ્રી અને સરપંચશ્રી સહિતના મહાનુભાવોએ સાંસ્કૃતિ કાર્યક્રમો રજૂ કરનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કારો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના દંડક વિનય ધોડી, જિલ્લા બાંધકામ સમિતિના અધ્યક્ષ ભરત બી.જાદવ, સર્વ સભ્યશ્રી દિપક મિસ્ત્રી, મુકેશ પટેલ અને જિજ્ઞેશ મરોલીકર, ઉમરગામ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ વિલાસ ઠાકરીયા, તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ મહેશ આહિર, મોહનગામના સરપંચ લલીતાબેન હળપતિ, ઉમરગામ એપીએમસીના પ્રમુખ હર્ષદ શાહ, સંગઠનના મહિલા અગ્રણી મનિષા બારી, ઉમરગામના મામલતદાર કલ્પનાબેન પટેલ અને વિવિધ ગામોના સરપંચો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન પારડી પ્રાંત અધિકારીશ્રી નિરવભાઈ પટેલે જયારે આભારવિધિ તાલુકા વિકાસ અધિકારી ચંદ્રકાંત પઢિયારે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું એકરીંગ શિક્ષક પ્રજ્ઞેશ સોલંકી અને મઝહર ખાને કર્યુ હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨






બ્રાઝિલમાં રિયો ડી જાનેરો ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી૨૦ સમિટ દરમિયાન નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોર સાથે દ્વિપક્ષીય બેઠકમાં હાજર રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ધ સાબરમતી રિપોર્ટ મધ્યપ્રદેશમાં થઈ કરમુક્ત, CM મોહન યાદવે કરી જાહેરાત

**। (એજન્સી) ભોપાલ, તા.૧૯ ।**

મધ્યપ્રદેશ સરકારે આજે મંગળવારે એક મોટો નિર્ણય લેતા ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ને ટેક્સ ફ્રી કરી દીધી છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે AUAP દ્વારા આયોજિત સેમિનારમાં ફિલ્મને ટેક્સ ફ્રી કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તમામ ધારાસભ્યો અને સંસદના સાંસદ સાબરમતી રિપોર્ટ ફિલ્મ જોવા જશે. ધ સાબરમતી રિપોર્ટ ફિલ્મને ધીરજ સરના દ્વારા દિગ્દર્શિત અને મુખ્ય ભૂમિકામાં વિક્રાંત મેસી દ્વારા અભિનિત છે, તેને પોતાના શરૂઆતના સપ્તાહના અંતે બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૦૨માં ગુજરાતના ગોધરામાં સાબરમતી એક્સપ્રેસમાં લાગેલી આગની દુઃખદ ઘટના પર આધારિત આ ફિલ્મમાં રિદ્ધિ ડોગરા અને રાશિ ખન્ના પણ છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ની પ્રશંસા કરી હતી અને તેમણે ઈતિહાસનું એક અંધકારમય પ્રકરણ સમજવાનું માધ્યમ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, "આ ફિલ્મ સત્યને ઉજાગર કરે છે. રાજનીતિ તેની જગ્યા એ છે, પરંતુ મતોની રાજનીતિ માટે આટલી ગંદી રમત રમવી અત્યંત શરમજનક હતી .

### દેશની 30 ટકા ખેતીની જમીન પર માટીની ગુણવત્તા ખૂબ જ ખરાબ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે દેશમાં માટીની ખરાબ થતી ગુણવત્તા પર ચિંતા વ્યક્ત કરી હતી. કૃષિ મંત્રીએ કહ્યું કે 'દેશની ૩૦ ટકા ખેતી લાયક જમીન ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. આ માટે આપણે ટકાઉ ખેતી તરફ વળવું જોઈએ કારણ કે, માટીની ગુણવત્તા જાળવી રાખવાની હવે ખાસ જરૂર છે.' માટીની ગુણવત્તા પર આયોજિત વૈશ્વિક સંમેલનને ઓનલાઈન સંબોધિત કરતાં કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે 'ભૂખમરાને સમાપ્ત કરવા, ક્લાઈમેટ ચેન્જ તેમજ જમીન -જીવન સંબંધિત સતત વિકાસ લક્ષ્યો (એસડીજી)ને હાંસલ કરવા માટે માટીની ગુણવત્તામાં સુધારો થવો અત્યંત જરૂરી છે.' કેન્દ્રીય કૃષિ મંત્રીએ કહ્યું, 'આપણે દર વર્ષે ૩૩ કરોડથી વધુ ખાદ્યાન્નોનું ઉત્પાદન કરી રહ્યાં છીએ. ૫૦ અબજ અમેરિકન ડૉલર મૂલ્યની નિકાસ કરી રહ્યાં છીએ, પરંતુ આ સફળતા પોતાની સાથે ચિંતાઓ પણ લઈને આવી છે. ખાસ કરીને માટીની ગુણવત્તાના મામલે. ભારતની લગભગ ૩૦ ટકા જમીનની ગુણવત્તા ખાતરનો વધુ પડતા અને અસંતુલિત ઉપયોગથી સર્જાઈ છે. કુદરતી સંસાધનોનું શોષણ થઈ રહ્યું છે અને માટી વ્યવસ્થાપનના અભાવના કારણે ખેતજમીનો બરબાદ થઈ રહી છે.' આ દરમિયાન તેમણે સરકાર દ્વારા માટીની ગુણવત્તાને જાળવી રાખવા સરકારના પ્રયત્નોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે 'સરકાર દ્વારા ખેડૂતોને ૨૨ કરોડથી વધુ માટી ગુણવત્તા કાર્ડ વહેંચવામાં આવ્યા છે.'

---

#### વૈષ્ણોદેવી જનાર યાત્રીઓ માટે સૌથી મોટા ખુશખબર

## વૈષ્ણોદેવી મંદિરે આવતા યાત્રિકો માટે મંદિર સુધી રોપ-વે બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો

### રોપ-વેથી લોકો સરળતાથી અને ઝડપથી મંદિર સુધી પહોંચી શકશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**

જો તમે માતા વૈષ્ણો દેવીના દરબારમાં જતા હોય તો આ સમાચાર તમને ખુશ કરી દેશે. જી હા, તીર્થ યાત્રિકોની સુવિધા માટે સતત કાર્યરત શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ હવે વૃદ્ધો અને અશક્ત યાત્રિકોને નવી સુવિધાઓ આપવા જઈ રહ્યું છે. વાસ્તવમાં, હાલમાં માતા વૈષ્ણોદેવી મંદિર સુધી પહોંચવામાં વૃદ્ધો અને દિવ્યાંગોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી માતા વૈષ્ણોદેવી મંદિરે આવતા યાત્રિકો માટે મંદિર સુધી રોપ-વે (કેબલ કાર) બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોપ-વેથી લોકો સરળતાથી અને ઝડપથી મંદિર સુધી પહોંચી શકશે. શ્રાઈન બોર્ડ દ્વારા લેવામાં આવેલા આ કદમથી શ્રી માતા વૈષ્ણો દેવીના મંદિરની યાત્રા સુરક્ષિત રહેશે અને સમય પણ પહેલા કરતા ઓછો રહેશે. જોકે રોપ-વે પ્રોજેક્ટનો સ્થાનિક લોકો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. શ્રાઈન બોર્ડનું કહેવું છે કે સ્થાનિક લોકોની ચિંતાઓને ધ્યાનમાં રાખીને



આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે. અત્યારે રોપ-વેને તારાકોટ માર્ગેથી મુખ્ય ભવન સાથે જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોપવે દ્વારા મુસાફરો સાંઝી છત સુધી પહોંચશે. ત્યારપછી મુસાફરો સાંઝી છતથી ભવન સુધી પગપાળા મુસાફરી કરશે. સાંઝી છત પર જ એક હેલિકોપ્ટર હેલિપેડ છે. તમને જણાવી દઈએ કે જ્યારથી શ્રાઈન બોર્ડે ભવનથી લઈને ભૈરો ઘાટી સુધીનો રોપ-વે શરૂ કર્યો છે, ત્યારથી તીર્થયાત્રીઓ માટે આ ત્રણ કિમી ઊભો ચઢાણવાળો રસ્તો પૂર્ણ કરવાનું વધુ સરળ બની ગયું છે. માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા આવતા લાખો ભક્તોને હાલમાં કટરાથી મંદિર સુધી પહોંચવા ૧૩ કિલોમીટર લાંબી મુસાફરી કરવી પડે છે. શારિરીક રીતે અક્ષમ લોકોને ક્યારેક આ મુસાફરી કરવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. બીમાર અથવા દિવ્યાંગ લોકો પણ ઘણીવાર ઘોડા અને ખચ્ચર પર મુસાફરી કરતા જોવા મળે છે. પરંતુ હવે રોપ-વે શરૂ થવાથી મુસાફરીનો સમય ઘણો ઓછો થઈ જશે અને કલાકો જેટલો લાગતો સમય પ્રવાસ મિનિટોમાં પૂર્ણ થશે. શ્રાઈન બોર્ડના સીઈઓ અંશુલ ગર્ગે કહ્યું કે બિલ્ડિંગને જોડતો નવો રોપ-વે એવા લોકો માટે ખૂબ જ ઉપયોગી થશે જેઓ પગપાળા મંદિર સુધી પહોંચી શકતા નથી. તેમણે એમ પણ કહ્યું કે પહેલા નજીકમાં રહેતા લોકોની વાત સાંભળવામાં આવશે, ત્યારબાદ જ રોપ-વેનું કામ શરૂ કરવામાં આવશે. ગર્ગે કહ્યું કે દર વર્ષે લાખો લોકો માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા આવે છે. ગયા વર્ષે સૌથી વધુ સંખ્યામાં ભક્તો મંદિરમાં દર્શન કરવા આવ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ ૮૬ લાખ લોકો દર્શન માટે આવ્યા છે.

---

#### દિલ્હી-એનસીઆરમાં સ્થિતિ ખૂબ જ ગંભીર

## પ્રદૂષણથી બચવા કરાવો કૃત્રિમ વરસાદઃ AAP સરકારનો કેન્દ્રને પત્ર

### દિલ્હીમાં પ્રદૂષણ ખૂબ જ ગંભીર શ્રેણીમાં છે અને તેનો સામનો કરવા માટે કૃત્રિમ વરસાદ કરાવવો જરૂરી છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**

દિલ્હી સહિત ઉત્તર ભારત પ્રદૂષણનો સામનો કરી રહ્યું છે. દિલ્હી-એનસીઆરમાં સ્થિતિ ખૂબ જ ગંભીર છે. આવી સ્થિતિમાં દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કૃત્રિમ વરસાદ માટે કેન્દ્ર સરકારને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં લખ્યું કે, 'દિલ્હીમાં પ્રદૂષણ ખૂબ જ ગંભીર શ્રેણીમાં છે અને તેનો સામનો કરવા માટે કૃત્રિમ વરસાદ કરાવવો જરૂરી છે.' દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કૃત્રિમ વરસાદને લઈને વડાપ્રધાન મોદી પાસે હસ્તક્ષેપની માંગ કરી છે. આ ઉપરાંત તેમણે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ પર નિશાન સાધ્યું છે. તેમનું કહેવું છે કે દિલ્હીમાં પ્રદૂષણને લઈને રાજનીતિ કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર ક્લાઉડ સીડિંગ અંગે બેઠક યોજી રહી નથી. ઓડ ઈવન પર ચર્ચા ચાલી રહી છે.



કેન્દ્રએ આ અંગે ટૂંક સમયમાં બેઠક યોજવી જોઈએ. દિલ્હી સરકારની અપીલ પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું. ગોપાલ રાયે જણાવ્યુ કે, 'મેં કેન્દ્રીય પર્યાવરણ મંત્રીને ચાર પત્ર લખ્યા છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર અને ૧૯મી નવેમ્બરે ચાર પત્ર લખવામાં આવ્યા હતા, પરંતુ તેમ છતાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રીએ કૃત્રિમ વરસાદ પર એક પણ બેઠક બોલાવી ન હતી. આપણે દિલ્હીમાં ધુમ્મસની ચાદર દૂર કરવી પડશે.' દિલ્હીમાં વાયુ પ્રદૂષણ દિવસેને દિવસે વધી રહ્યું છે. દિલ્હી-એનસીઆરમાં છેલ્લા બે દિવસથી ધુમ્મસની ચાદર છવાયેલી છે. મંગળવારે (૧૯ નવેમ્બર) આ સિઝનના બીજા દિવસે પ્રદૂષણ ખતરનાક સ્તરે છે. આજે સવારે છઊૈં ૪૯૫ નોંધાયો હતો. દરમિયાન, વધતા વાયુ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને, દિલ્હી-એનસીઆરમાં કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ એ સોમવારથી ય્ઇછઁ-૪ લાગુ કર્યો છે. દિલ્હીમાં પ્રદૂષણ ખૂબ જ ગંભીર શ્રેણીમાં છે અને તેનો સામનો કરવા માટે કૃત્રિમ વરસાદ કરાવવો જરૂરી છે, ઉલ્લેખનીય છે કે, દેશની રાજધાની દિલ્હી વાયુ પ્રદૂષણને કારણે ગેસ ચેમ્બરમાં ફેરવાઈ રહી છે. પરિસ્થિતિ એટલી ખરાબ છે કે હવે લોકોના સ્વાસ્થ્ય પર તેની ગંભીર અસર થવા લાગી છે. લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી છે. ડોક્ટરોનું કહેવુ છે કે પ્રદૂષણ વધતા લોકોમાં ઉધરસનું પ્રમાણ વધ્યું છે જેની સાથે આંખોમાં બળતરાના કેસો પણ વધી રહ્યા છે.

---

#### લખનઉમાંથી ચોરીનો એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો

## ઘરની તિજોરીની ડુપ્લીકેટ ચાવી બનાવીને દીકરાએ અને તેના દોસ્તોએ ચોરી કરી

**। (એજન્સી) લખનઉ,તા.૧૯ ।**

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉ માંથી ચોરીનો એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. અહીં એક સગીરે પોતાના મોંઘા શોખ પૂરા કરવા માટે પોતાના ચાર મિત્રો સાથે મળીને પોતાના જ ઘરમાં હાથફેરો કરી નાખ્યો. પોલીસે સગીર અને તેના દોસ્તોની ધરપકડ કરી લીધી છે. ધરપકડ થયેલા બે દોસ્તો પર પહેલાથી જ ગેંગસ્ટરના કેસ નોંધાયેલા છે. માની ફરિયાદ પર પોલીસે કેસ નોંધી તમામને જેલમાં મોકલી દીધા છે. આખો કિસ્સો અમીનાબાદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના હીવેટ રોડનો છે. ૧૬ નવેમ્બરના રોજ એક મહિલાના ઘરમાં ચોરી થઈ હતી. ઘરની તિજોરીમાંથી ૧૧ લાખના ઘરેણાં અને રોકડ રકમની ફરિયાદ નોંધાઈ હતી. મહિલાએ પોતાના સગીર દીકરા અને તેના દોસ્તો પર ચોરીનો આરોપ લગાવતા ફરિયાદ નોંધાવી હતી. મહિલાનું કહેવું હતું કે, ઘરની તિજોરીની ડુપ્લીકેટ ચાવી બનાવીને દીકરા અને તેના દોસ્તોએ ચોરી કરી છે. બે આરોપીઓ પર નોંધાયેલા છે ગેંગસ્ટરના કેસ જે બાદ પોલીસે પીડિતાના સગીર દીકરા સહિત રાજ ઉર્ફ ગોલુ, ઓસામા, સલીમ સિદ્દીકી અને શફતની ધરપકડ કરી લીધી. પોલીસ તપાસમાં સલીમ સિદ્દીકી અને સફતના નામ સામે આવ્યા બાદ ધરપકડ થઈ છે. ઓસામા અને શફત પર ઠાકુરગંજ પોલીસ સ્ટેશનમાં પહેલાથી ગેંગસ્ટર એક્ટ સહિત ૩-૩ કેસ નોંધાયેલા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ ચોરેલા ઘરેણાં વેચીને સોનું લઈ લીધું. ત્યારબાદ તિજોરીમાં ડુપ્લીકેટ ઘરેણાં મૂકી દીધા. પોલીસે આરોપીઓ પાસેથી ૧ લાખ ૬૯ હજાર અને ૬૯ ગ્રામ સોનું જપ્ત કર્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૧૮ ઓક્ટોબરના રોજ પરિવાર સાથે મહિલા જાલૌન ગઈ હતી. ઘરે એકલો ૧૭ વર્ષનો દીકરો હતો. આરોપ છે કે, માની ગેરહાજરીમાં દીકરાએ પોતાના ચાર દોસ્તોને ઘરે ચોરીનો પ્લાન બનાવવા માટે બોલાવ્યા. તેના માટે રેપિડો બુક કરીને ચાવી બનાવનારને બોલાવ્યો. તિજોરીની નકલી ચાવી બનાવીને રોકડ અને ઘરેણાં લઈને વેચી દીધા.

---

#### હિંસા અને તણાવ વચ્ચે સુરક્ષા દળોએ ચાર્જ સંભાળ્યો

## મણિપુરમાં ભડકેલી હિંસા વચ્ચે સુરક્ષા દળોએ ફરી એક વખત ચાર્જ સંભાળ્યો

**। (એજન્સી) મણિપુર, તા.૧૯ ।**

મણિપુરમાં ભડકેલી હિંસા વચ્ચે સુરક્ષા દળોએ ફરી એક વખત ચાર્જ સંભાળી લીધો છે. તમને જણાવી દઈએ કે રાજ્યમાં ૩ મહિલાઓ અને ૩ બાળકોના મૃતદેહ મળ્યા બાદ લોકોએ હિંસક વિરોધ પ્રદર્શન કર્યું હતું. અહીં, વિસ્તારમાં ગેરકાયદેસર ગતિવિધિઓને રોકવા માટે, પોલીસ અને કેન્દ્રીય દળોએ સાથે મળીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સુરક્ષા દળોએ આ વિસ્તારમાં આવતા-જતા લોકો પર નજર રાખવા માટે ૧૦૦ થી વધુ ચેકપોસ્ટ અને ચેકપોસ્ટ બનાવી છે. સર્ચ ઓપરેશનના ભાગરૂપે, સુરક્ષા દળોએ નેશનલ હાઈવે-૨ પર આવશ્યક ચીજવસ્તુઓથી ભરેલી ટ્રકોને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી. આ સાથે જ સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ સિવાય જોખમી વિસ્તારોમાં કાફલા તૈનાત કરવામાં આવ્યા હતા. સુરક્ષા દળોએ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પોઝીશન સંભાળી લીધી છે અને ૧૦૭ ચોકીઓ અને ચેકપોસ્ટ સ્થાપિત કરવામાં આવી છે. તેમાં



પહાડી અને ખીણ બંને વિસ્તારોનો સમાવેશ થાય છે. જો કે, આ વિસ્તારમાં સુરક્ષા દળોની હાજરીની સકારાત્મક અસર પણ જોવા મળી રહી છે. દરમિયાન, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ આજે બપોરે મણિપુરની સ્થિતિની સમીક્ષા કરવા દિલ્હીના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરશે. મણિપુરમાં હિંસા અને તણાવ વચ્ચે એનપીપીએ રવિવારે સરકારને સમર્થન પાછું ખેંચી લીધું હતું. તેમણે કહ્યું કે વર્તમાન સરકાર પરિસ્થિતિનો સામનો કરવામાં નિષ્ફળ રહી છે. આ પહેલા ૧૬ નવેમ્બરે આતંકવાદીઓએ ઈમ્ફાલ ખીણમાં અનેક ધારાસભ્યો અને મંત્રીઓના આવાસ પર હુમલો કર્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ સીએમ આવાસને પણ નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

---

#### આ ઘટનાનો એક વીડિયો પેરામેડિક્સ દ્વારા શેર કરવામાં આવ્યો હતો

## કેરળમાં એમ્બ્યુલન્સને સાઈડ નહીં આપનાર કારચાલકનું લાયસન્સ રદ

**। (એજન્સી) ત્રિશૂર, તા.૧૯ ।**

કેરળના ત્રિશૂરમાં એમ્બ્યુલન્સને સાઈડ ન આપવા બદલ એક વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, તેનું ડ્રાઈવિંગ લાઈસન્સ રદ કરવામાં આવ્યું છે ઉપરાંત તેને ૨.૫ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આ ઘટના ૭ નવેમ્બરના રોજ ચાલકુડી વિસ્તારમાં બની હતી. એક એમ્બ્યુલન્સ પોનાનીથી ત્રિશૂર મેડિકલ કોલેજ જઈ રહી હતી, જેને કાર ચાલક જાણી જોઈને રસ્તો આપી રહ્યો ન હતો. આ ઘટનાનો એક



વીડિયો પેરામેડિક્સ દ્વારા શેર કરવામાં આવ્યો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક સિલ્વર કલરની મારુતિ સુઝુકી કાર ડબલ લેન વાળા રોડ પરથી પસાર થતી દેખાઈ રહી છે. તેના ડ્રાઈવરે જાણી જોઈને એમ્બ્યુલન્સને ૨ મિનિટથી વધુ સમય માટે રોકી રાખી હતી. આ સમય દરમિયાન, એમ્બ્યુલન્સનો ડ્રાઈવર સતત હોર્ન વગાડતો રહ્યો હતો, પરંતુ કારચાલકે તેની પરવા કરી નહોતી. એમ્બ્યુલન્સ દ્વારા કારને ઓવરટેક કરવાના વારંવાર પ્રયાસો કર્યા હતાં, પરંતુ કાર ચાલક તેને આગળ જવા દેતો નહોતો. હવે અધિકારીઓએ કારના રજિસ્ટર્ડ નંબર દ્વારા ડ્રાઈવરની ઓળખ કરી લીધી છે. તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. રિપોર્ટ અનુસાર, આરોપી ડ્રાઈવર પર મોટર વ્હીકલ એક્ટની અનેક કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આમાં ઈમરજન્સી વાહનને રોકવા, અધિકૃત સત્તાધિકારીની કામગીરીમાં અવરોધ નાખવો અને માન્ય પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર ન હોવાનો સમાવેશ થાય છે. દંડની કુલ રકમમાં બહુવિધ ઉલ્લંઘનો માટેના નુકસાનનો સમાવેશ થાય છે, જે કટોકટીની સેવાઓમાં અવરોધની ગંભીરતાને પ્રતિબિંબિત કરે છે. મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૯૪ઈ મુજબ, એમ્બ્યુલન્સને રસ્તો આપવાનો ઈનકાર કરવા પર ૬ મહિના સુધીની જેલની જોગવાઈ છે. ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને થઈ શકે છે.

---

#### સામાન્ય રીતે USમાં શૈક્ષણિક વર્ષ સપ્ટેમ્બરમાં શરૂ થાય છે

## અમેરિકામાં ભણતાં વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયોની સંખ્યા સૌથી વધુઃ રિપોર્ટ



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।**

ભારતના મોટાભાગના વિદ્યાર્થીઓ વિદેશની ટોચની કોલેજોમાં અભ્યાસ કરીને સફળતા હાંસલ કરવાનું સ્વપ્ન જુએ છે. જેમાં પ્રથમ પસંદગી અમેરિકા હોય છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે અમેરિકા જાય છે. MIT, હાર્વર્ડ, પ્રિન્સટન, યેલ જેવી વિશ્વની ઘણી શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ અમેરિકામાં છે, જ્યાં પ્રીમિયમ એજ્યુકેશન આપવામાં આવે છે. આવી સ્થિતિમાં સોમવારે ઓપન ડોર્સ દ્વારા અમેરિકામાં અભ્યાસ કરી રહેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો ડેટા જાહેર કરાયો હતો. જેમાં ભારત પ્રથમ સ્થાને છે. રિપોર્ટ અનુસાર ૩.૩૦ લાખથી વધુ ભારતીયો USમાં અભ્યાસ કરી રહ્યા છે. ભારત ૨૦૦૯ પછી ૧૫ વર્ષ બાદ અમેરિકામાં ભણતા સૌથી વધુ વિદેશી વિદ્યાર્થીઓ મામલે ટોપ પર પહોંચ્યું છે. રિપોર્ટ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં US અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા 'ઓલ ટાઈમ હાઈ' ૩,૩૧,૬૦૨ નોંધાઈ છે, જે ૨૦૨૨-૨૩માં ૨,૬૮,૯૨૩ની સરખામણીએ ૨૩ ટકાનો વધારો દર્શાવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં USમાં ભણતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ મામલે ચીન પહેલા નંબરે હતું. સામાન્ય રીતે USમાં શૈક્ષણિક વર્ષ સપ્ટેમ્બરમાં શરૂ થાય છે અને મે સુધી ચાલે છે. રિપોર્ટ અનુસાર ભારત બીજા વર્ષ માટે USમાં ઈન્ટરનેશનલ ગ્રેજ્યુએટ (માસ્ટર્સ અને પીએચડી લેવલ) વિદ્યાર્થીઓને મોકલવા મામલે ટોપ પર રહ્યું. ભારતીય ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯ ટકા વધીને ૧,૯૬,૫૬૭ પર પહોંચી છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ભારતમાંથી અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓની સંખ્યા પણ ૧૩ ટકા વધીને ૩૬,૦૫૩ થઈ છે જ્યારે નોન-ડિગ્રી વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮ ટકા ઘટીને ૧,૪૨૬ પર પહોંચી છે.ઓપન ડોર્સ રિપોર્ટ પર યુએસ એમ્બેસીએ શેર કરેલી નોંધ અનુસાર ભારત હવે યુનાઈટેડ સ્ટેટ્સમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ મોકલનારો અગ્રણી દેશ છે.

## તંત્રી લેખ...

# દિલ્હીમાં વધી રહેલા પ્રદૂષણ પર કોંગ્રેસ નેતા શશિ થરૂરનો સવાલ

દિલ્હીમાં શિયાળાની શરૂઆત સાથે જ વાયુ પ્રદૂષણની સમસ્યા પણ વધી ગઈ છે. હાલમાં, રાજધાનીમાં AQI 400ને પાર કરી ગયો છે અને ગંભીર સ્તરે પહોંચી ગયો છે. આનો સામનો કરવા માટે, વહીવટીતંત્રે શહેરમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP-4)ના સ્ટેજ ૪ને લાગુ કરવાનો આદેશ આપ્યો છે. આ દરમિયાન કોંગ્રેસ નેતા શશિ થરૂરે પ્રદૂષણની સમસ્યાને લઈને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. પ્રદૂષણના કારણે લોકોને થતી સમસ્યાઓનો ઉલ્લેખ કરતા થરૂરે સવાલ કર્યો છે કે શું દિલ્હી રાજધાની જ રહેવી જોઈએ. કોંગ્રેસના નેતા થરૂરે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કર્યુ છે કે દિલ્હી સત્તાવાર રીતે વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર છે. અહીંનો AQI ખતરનાક સ્તર કરતાં ૪ ગણો વધુ છે અને બીજા સૌથી પ્રદૂષિત શહેર ઢાકા કરતાં લગભગ પાંચ ગણો વધારે છે. તે અમાનવીય છે કે અમારી સરકાર વર્ષોથી આ સમસ્યાને જોઈ રહી છે અને તેના વિશે કંઈ કરી રહી નથી. વાયુ પ્રદૂષણને કારણે દિલ્હીમાં જે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે તેનો ઉલ્લેખ કરતા કોંગ્રેસના નેતાએ દિલ્હીના રાષ્ટ્રીય રાજધાની હોવા પર પ્રશ્નો ઉઠાવ્યા. થરૂરે જણાવ્યું હતું કે નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન વાયુ પ્રદૂષણને કારણે શહેર રહેવા માટે અયોગ્ય છે અને બાકીના વર્ષ દરમિયાન ભાગ્યે જ રહેવા યોગ્ય છે. શું તે દેશની રાજધાની જ રહેવી જોઈએ? કોંગ્રેસ સાંસદે પોતાની પોસ્ટમાં વધુમાં લખ્યું છે કે દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સમસ્યાને ધ્યાનમાં રાખીને તેમણે ૨૦૧૫માં રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું, પરંતુ ગયા વર્ષે તેને બંધ કરી દેવામાં આવી હતી કારણ કે આ સમસ્યાનો સામનો કરવા માટે જવાબદાર લોકો ગંભીર નહોતા અને કંઈ પણ નહોતા. આ પરિષદોમાંથી વિશેષ સિદ્ધિ મળી રહી હતી. મંગળવારે પણ શહેરમાં પ્રદૂષણ સતત બીજા દિવસે ગંભીર શ્રેણીમાં રહ્યું હતું. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા અનુસાર, આજે સવારે ૮ વાગ્યાની આસપાસ શહેરમાં AQI 488 નોંધાયો હતો.

## જળ શક્તિ મંત્રાલયે વિશ્વ શૌચાલય દિવસ ૨૦૨૪ના ભાગરૂપે 3 અઠવાડિયા લાંબા અભિયાનનો શુભારંભ કર્યો

સ્વચ્છ ભારત મિશનના બીજા તબક્કામાં ઓડીએફ સિદ્ધિઓ યથાવત રાખવા માટે ઓડીએફ પ્લસ મૉડલને પ્રોત્સાહન આપવામાં આવ્યું. પેયજળ અને સ્વચ્છતા વિભાગે રાષ્ટ્રવ્યાપી અભિયાન ''હમારા શૌચાલયઃ હમારા સન્માન'' (એચએસએચએસ) શરૂ કર્યું છે. ૧૯ નવેમ્બર, વિશ્વ શૌચાલય દિવસથી આ અભિયાન શરૂ થશે અને ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ માનવ અધિકાર દિવસ,ના રોજ સમાપ્ત થશે. આ અભિયાનમાં સ્વચ્છતા, માનવાધિકાર અને ગૌરવ વચ્ચેની મહત્વપૂર્ણ કડી પર ભાર મૂકવામાં આવશે. આ અભિયાન સ્વચ્છ, સ્વસ્થ સમુદાયો માટે વર્તણૂકીય પરિવર્તનને પ્રોત્સાહન આપતી વખતે ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) સ્થિતિ જાળવી રાખવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. જ્યારે ભારતે ૨૦૧૯માં ODFનો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો, ત્યારે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)નો બીજો તબક્કો ODF પ્લસ મોડલ ગામોના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે શરૂ કરવામાં આવ્યો હતો જ્યાં પ્રથમ માપદંડ ODF સિદ્ધિઓને ટકાવી રહ્યો છે. આ વિશ્વ શૌચાલય દિવસની ભાવના સાથે સંરેખિત થાય છે. શૌચાલયનો સતત ઉપયોગ અને જાળવણી યાદ અપાવવી અને સુનિશ્ચિત કરવી એ પ્રારંભિક લક્ષ્યો હાંસલ કરવા જેટલું જ મહત્વપૂર્ણ છે. એચએસએચએસ અભિયાન આ પ્રયાસોને ટકાવી રાખવા અને તેના પર નિર્માણ કરવા માટે સમયસરની કાર્યવાહી માટે કામ કરે છે. નબળા જૂથો, ખાસ કરીને મહિલાઓ અને છોકરીઓ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરીને, આ પહેલ એ બાબત પર ભાર મૂકે છે કે શૌચાલયો ઈન્ફ્રાસ્ટ્રક્ચર કરતાં વધુ છે, તેઓ ગૌરવ, સમાનતા અને જાહેર આરોગ્ય માટે પાયારૂપ છે, જે અભિયાનની ટેગલાઈન અનુરુપ છે. આ અભિયાનની વાત કરતા, ડીડીડબલ્યુએસના સચિવ અશોક કે.કે.મીનાએ, સતત વર્તણૂકીય પરિવર્તનને સુનિશ્ચિત કરવા માટે બોટમ-અપ અભિગમના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, ''સ્વચ્છતા ગરિમા અને વિકાસનો પાયો છે. 'હમારા શૌચાલયઃ હમારા સન્માન' અભિયાનની રચના સમુદાયોને સશક્ત બનાવવા માટે કરવામાં આવી છે. જેમાં દરેક સ્તર, ગ્રામ પંચાયતો, બ્લોક્સ, જિલ્લાઓ અને રાજ્યોમાં જવાબદારીઓ ફાળવવામાં આવી છે. આ સુનિશ્ચિત કરે છે કે દરેક હિસ્સેદાર સ્વચ્છતાની પદ્ધતિઓને ટકાવી રાખવા, ગર્વનું નિર્માણ કરવામાં અને લાંબા ગાળાની અસરને આગળ વધારવામાં યોગદાન આપે છે.'' તેમણે વધુમાં કહ્યું હતું કે, ''વિશ્વ શૌચાલય દિવસ પર, જ્યારે આપણે એસડીજી ૬ હાંસલ કરવા માટેના વૈશ્વિક પ્રયાસો સાથે જોડાઈએ છીએ, ત્યારે ભારત સ્વચ્છતા માટે સમાન સુલભતા ઊભી કરવાની અને કોઈ પણ વ્યક્તિ પાછળ ન રહે તે સુનિશ્ચિત કરવાની તેની પ્રતિબદ્ધતાને નવીકરણ આપે છે.'' અભિયાનની મુખ્ય પ્રવૃત્તિઓ, આ અભિયાનમાં સ્વચ્છતાની પદ્ધતિઓને મજબૂત બનાવવા અને સ્વચ્છ અને કાર્યાત્મક શૌચાલયોમાં ગૌરવ વધારવાના હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ સામેલ છે. દરેક વહીવટી સ્તરે શ્રેષ્ઠ રીતે જાળવાયેલા ઘરગથ્થું શૌચાલયો (IHHLs) અને સામુદાયિક સેનિટરી કોમ્પ્લેક્સ (CSC)ને ઓળખવા અને તેમને પુરસ્કાર આપવા માટે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. આ ઘટનાઓ કાર્યક્ષમતા અને સૌંદર્ય શાસ્ત્ર બંનેના પ્રયત્નોને માન્યતા આપશે, અન્ય લોકોને પણ આને અનુસરવા માટે પ્રોત્સાહિત કરશે. ''રાત્રી ચોપાલ'' અને વોશ ક્લબ જેવી પહેલો સાથે સામુદાયિક પહોંચ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જે લોકોને એકમંચ પર લાવશે અને પરિવર્તનની પ્રેરણા આપશે. સફાઈ કામદારોને વિશેષ ગૌરવ શિબિરો દ્વારા ઉજવવામાં આવશે, કલ્યાણ કાર્યક્રમોમાં તેમનો સમાવેશ સુનિશ્ચિત કરવામાં આવશે અને સ્વચ્છતા જાળવવામાં તેમની ભૂમિકાનું સન્માન કરવામાં આવશે. નાગરિકોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફતે તેમની સ્વચ્છતાની સફળતાની ગાથાઓ શેર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, જેમાં હેશટેગ્સ #ToilⁿsForDignity અને #MyToilⁿMyPride ઉપયોગ કરવામાં આવશે. શાસનના તમામ સ્તરેથી સહભાગીતા, જેમાં મુખ્યમંત્રીઓ અને રાજ્યોના મંત્રીઓ રાજ્ય-સ્તરના કાર્યક્રમોનું નેતૃત્વ કરે છે, જ્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ્સ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ જિલ્લા-સ્તરના કાર્યક્રમોની દેખરેખ રાખે છે. આ અભિયાનનો ઉદ્દેશ દેશભરમાં શૌચાલયોની કાર્યક્ષમતા અને સૌંદર્ય શાસ્ત્રમાં વધારો કરીને સ્વચ્છતાના માળખાને સુધારવા, વર્તનમાં ફેરફારને પ્રોત્સાહન આપવાનો અને સામુદાયિક ગૌરવને મજબૂત કરવાનો છે.

**મિત્રો સમાજમાં આજે પણ જે સંયુક્ત પરિવાર રહે છે, અને જેમાં ત્રણ પેઢી એકસાથે હોય ત્યાં આ પરિસ્થિતિ દેખાય છે!**

# હું રાજીનામું આપું છું! માધૂરી બેનની દ્વિધા શું હતી! અને એને શું કામ રાજીનામું આપવું હતું!



સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે આજે વચ્ચેની પેઢી કે જે નથી જૂની પેઢીમાં આવતી અથવા તો પોતે મોર્ડન છે એવું દેખાડવા આધુનિક પહેરવેશ તો પહેરે છે પણ સંસ્કારનેં કારણે આધુનિક થઈ શકતી નથી કે સંસ્કાર નેં નેવે મુકી શકતી નથી! એવા એક ૫૫ વર્ષના માધૂરી બેનની વાત બુધવારની બોધકથામાં લઈને આવી છું.**

ભારતીય સમાજ માત્ર આર્થિક અસમાનતાની રીતે જ વિભાજીત નથી! ઉંમરની રીતે જૂની પેઢી અને નવી પેઢી એવો દોર પણ અત્યારે ચાલી રહ્યો છે, અને વચ્ચેની પેઢીનો નજરિયો કોઈ સમજવા તૈયાર નથી! આ તમામ વિભાજીત વર્ગની માનસિકતાની રીતે પણ એમાં પાછું વિભાજન જોવા મળે છે. જનરેશન ગેપ એ સદીઓથી સમાજનો સળગતો પ્રશ્ન રહ્યો છે! પણ આપણે આજે વચ્ચેની પેઢી કે જે નથી જૂની પેઢીમાં આવતી અથવા તો પોતે મોર્ડન છે એવું દેખાડવા આધુનિક પહેરવેશ તો પહેરે છે પણ સંસ્કારનેં કારણે આધુનિક થઈ શકતી નથી કે સંસ્કાર નેં નેવે મુકી શકતી નથી! એવા એક ૫૫ વર્ષના માધૂરી બેનની વાત બુધવારની બોધકથામાં લઈને આવી છું. બંગ્લોનું નામ તો શાંતિ નિકેતન હતું, પણ ડાઈનિંગ રૂમમાં આજે સૌની શાંતિ હણાઈ ગઈ હતી! અને બધા જ એકબીજાની સામે જોઈને નજરથી આશ્ચર્ય વ્યક્ત કરતા હતા! નાસ્તાના ટેબલ પર બધાને નાસ્તો સર્વ કરીને માધૂરી બેન એ પોતાની ડિશમાં નાસ્તો રાખ્યો અને હજી એ બેસવા જાય છે, ત્યાં જ સંતોક બા એ કહ્યું કેમ માધૂરી આજે ભૂલી ગઈ ! આજે અગિયારસ છે અને મારે સાબુદાણા વડાનો નાસ્તો હોય! માધૂરી કંઈ જવાબ આપે એ પહેલાં જ એમના પતિ મૌલિકની મૌલિકતા ખોવાઈ ગઈ અને દર વખતે જાણે બહુ મોટો અપરાધ થયો હોય એમ ગેંગેફેંફે થતી માધૂરી આજે એકદમ સ્વસ્થ હતી તેનાં મોંઢાની એકપણ રેખા બદલી ન્હોતી. ત્યાં જ નાની નણંદ સુહાના આવી અને પૂરી જોઈ કહ્યું ઓહ નો આ ઓઈલી નાસ્તો! એને કંઈ જવાબ આપે એ પહેલાં જ ઉપરથી જ હિલ પહેરીને ઉતરતી પુત્રવધૂ નાવ્યા બોલી મોમ કાલે કહ્યું તો હતું કે મારે પ્રેઝન્ટેશન છે અને નાસ્તો કરવાનો ટાઈમ નહીં રહે તો વેજીટેબલ સેન્ડવીચ નું લંચ બોક્સ.. ભૂખી રહીશ એમ કરી પગ પછાડતી ચાલી ગઈ! અને દિકરો બોલ્યો તું પહોંચ હું તારી માટે ઝોમેટો કરું છું! પછી મમ્મી એટલે કે માધૂરી તરફ ફરીને બોલ્યો! મોમ શું થયું છે? કેમ આજે આમ રુઢલી બીહેવ કરે છે! અને માધૂરી એ કહ્યું હું રુઢ? અને એ જોરથી હસી તેની આંખના ખૂણા ભીના થઈ ગયા પણ એ તરફ કોઈનું ધ્યાન ગયું જ નહીં! મૌલિક એ કહ્યું લંચ બનવાનું છે કે નહીં પહેલેથી કહી દેજે! આજે ટિફિન માં વેજીટેબલ કોફતા લાવીશ એમ એક બે ને કહી દીધું છે? આમ કરીને એ પણ ઉભાં થઈ ને ચાલ્યા ગયા! માધુરીને જે કહેવું હતું તે કહી શકી ને કારણ કે ડાઈનિંગ ટેબલ ખાલી થઈ ગયું હતું, પણ એ પોતાના નિર્ણયમાં મક્કમ હતી. એ કિચન તરફ ના જતા પોતાના રૂમ તરફ ગઈ અને તૈયાર થવા લાગી, એટલે મૌલિક એ પુછ્યુ બહાર જવું છે! એણે ટૂંકમાં પતાવ્યું હાં! લંચ માટે મેનુ મહારાજને આપી દીધું છે. મૌલિક એના મોઢાનાં ભાવ ભાવ પરથી જ મૌન રહેવાનું મુનાસીબ માન્યું અને એ પણ તૈયાર થઈ ટિફિન લઈ રવાના થયો. વળી રાત્રે બધા ડ્રોઈંગ રૂમમાં કોન બનેગા કરોડપતિ જોતા હતાં, અને એમાં જોગાનું જોગ એક હાઉસ વાઈફ આવી! સદીના મહાનાયક એવા અમિતાભ બચ્ચને હાઉસવાઈફ ની જોબ ને સર્વશ્રેષ્ઠ જોબ કહી એ સન્નારીનું સન્માન કર્યું. માધુરીએ સૌની તરફ એક વેધક નજર ફેંકી! શો પૂરો થયો અને થોડીવાર ટીવીમાં અન્ય ચેનલ જોઈ સવ પોત પોતાના મોબાઈલમાં વ્યસ્ત હતા ત્યારે આ ચુપકીને તોડતા માધુરીએ સૌને સંબોધીને કહ્યું મારે આપ સૌને કંઈક કહેવું છે! સૌએ એની સામે આચાર્યથી જોયું ત્યારે એને કહ્યું કે હું મારી ગૃહિણીની જોબમાંથી રાજીનામું આપો છું! એક બે મિનિટ માટે સન્નાટો છવાઈ ગયો અને મૌલિક એ કહ્યું શું તું પણ એ જોબમાંથી કંઈ રાજીનામું આપી શકાય થોડું! નીરજ એટલે કે એના પુત્ર એ કહ્યું મોમ પપ્પા સાચુ કહે છે! સુહાના અને નાવ્યા બંને એક આઉટ ફીટની ચર્ચા કરી રહ્યા હતા એમણે પણ આશ્ચર્યથી માધુરી સામે જોયું! સંતોકબા એ એમનાં જૂનવાણી લહેજા થી કહ્યું! કે તો તું શું કરીશ ? માધુરી મૌન રહી, એ પોતાની આમન્યા તોડવા માંગતી નહોતી! પણ એણે બધાને સંબોધીને કહ્યું કે તમે બધા જ સર્વિસ કરો છો દર મહિને તમને એનો સેલેરી મળે છે અને જ્યારે એક જોબ છોડી બીજે જાવ ત્યારે જવાબદારી બધી હોવાથી વધુ સેલેરી મળે છે પણ મને...? મૌલિકે કહ્યું એટલે તને શું હવે આ જોબનો સેલેરી જોઈએ છે? માધુરી એ સ્વસ્થતાથી કહ્યું ના પણ મારે હવે આ સર્વિસ જ નથી કરવી..! આમ તો આ સર્વિસનો કોઈ સેલેરી નક્કી કરી શકાય જ નહીં પરંતુ છ મહિના પહેલા મારો પગ સ્લીપ થયો અને મને ફેક્ચર થયું ત્યારે નાવ્યાના મમ્મી તથા કુંદન ફૈબા વારાફરતી બે મહિના અહીં રહ્યા હતાં, એને માત્ર મુન્નાને સંભાળવા માટે ગાડી ગીફ્ટ કરી, અને ફૈબાને રીયલ ડાયમંડનો સેટ તમે આપ્યો હતો! એટલે એ પરથી તમે લોકો ગણતરી કરી શકો છો કે મને અત્યાર સુધીમાં કેટલું મળવું જોઈએ! જ્યારે મને તો સેલેરી તો ઠીક પણ માન સન્માન પણ.. આમ કહીને તે પોતાના રુમમાં ચાલી ગઈ. પોતાના રૂમમાં આવી તેણે ચેન્જ કર્યુ અને ફરીવાર પોતાના વિચાર પર વિચારવા લાગી. ૩૬ વર્ષનાં લગ્ન જીવનમાં એણે કેટ કેટલું સમર્પણ કર્યું! નો ડાઉટ શરૂ શરૂમાં એને પતિ તરફથી ગિફ્ટ પણ મળી હશે, અને સંતાનો કમાતા થયાં પછી એમણે પણ કંઈક આપ્યું હશે.પણ ભૂલ એ લોકો કરતાં મારી વધુ છે! મેં કોઈ દિવસ કોઈને ના કહી જ નહીં, અને એને કારણે સૌ અધિકાર સમજવા લાગ્યા! પગના દુખાવા થઈ ગયાં, ની રિપ્લેસની નોબત આવી. સતત સમયે નહીં પહોંચાય એના સ્ટ્રેસને કારણે મોતિયા પણ ઉતરી ગયાં! અને અનિંદ્રા જેવો અન્ય કોઈ રોગ વધે એ પહેલાં જ, કાયમ લાગણી વહેંચવા વાળી અને નામ પ્રમાણે જ જે મધૂર હતી એ માધૂરી એ પોતાના અધિકાર માંગ્યો,પણ આ જરુરી છે,એમ મનોમન પાક્કો નિર્ણય કરી એ પડખું ફરી સૂઈ ગઈ. મિત્રો સમાજમાં આજે પણ જે સંયુક્ત પરિવાર રહે છે, અને જેમાં ત્રણ પેઢી એકસાથે હોય ત્યાં આ પરિસ્થિતિ દેખાય છે! કારણકે જૂની પેઢી પોતાના રિત રિવાજ, અને માન્યતાઓ મુકી શકતા નથી! વચ્ચેની પેઢી આપણે આવી ભૂલ નથી કરવી, એમ અથવા આધુનિક સમયની માંગ છે, એમ સ્વીકારી નવી પેઢીનું બધું સ્વીકારી લે છે! અથવા કચકચ કરીશું તો જુદા થશે! કે પછી આવક સામે જોઈ પણ ચૂપ રહે છે. પણ પછી એ સતત બંને બાજુથી પીસાય છે, અને એને ખ્યાલ આવે છે કે આપણું તો હવે અસ્તિત્વ જ નથી રહ્યું, અને આમ આધુનિક નજરિયો અપનાવતી ગૃહિણીને જીવનના એક તબક્કે એમ લાગે છે કે પોતાની હાલત ધોબીના કૂતરાં જેવી છે, ન ઘરનો ન ઘાટનો! સમાજને અપિલ છે કે આ પેઢીના લોકોને પણ સમજો.

**આપનું લક્ષ્યબિંદુ શ્રીકૃષ્ણને મળવાનું છે, ઈશ્વર સાથે એક થવાનું છે, ભગવાન સાથે એક થવા માટે એક ભગવાનની કથા છે**

# શ્રીકૃષ્ણની લીલા ગહન છે, અટપટી છે, રામજીની લીલા એવી સરળ છે કે, તરત મનમાં વસી જાય..



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કથા સાંભળવી એ પુણ્ય છે, બીજાં કર્મોનું ફળ કાળાંતરે છે, ભાગવતની કથા સાંભળવાનું ફળ તરત મળે છે, એ ફળ છે સંસારના વિષયનું વિસ્મરણ અને ઈશ્વર સાથે તન્મયતા, સંસારના વિષય જેના મનમાં ન આવે તેને મુક્તિ સુલભ છે, પ્રભુએ જગત ઉત્પન્ન કર્યુ છે તે ભજનમાં વિક્ષેપ કરતું નથી, પણ જીવ મનથી જે જગત ઊભું કરે છે તે ભજનમાં વિક્ષેપ કરે છે, મનમાંથી સંસારના સ્વરૂપને કાઢી નાખો એટલે ત્યાં શ્રીકૃષ્ણ આવશે.**

સંતના હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ.. પૃથ્વી લોક પર સંતની ભૂમિકા અલગ પ્રકારની છે.સંતની ઉપાધિ કોઈને આપી ન શકાય પરંતુ લોક હ્રદયમાંથી નીકળતું એક અનોખું ઝરણું છે જેને કોઈ સીમાડા બંધન વેશભૂષા માળા કંઠીની જરૂર નથી આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો સંતોના ચાર ધર્મો એટલે આપત્તિ માં પ્રભુ સ્મરણ, સર્વસ્વનું દાન, વચનપાલન અને શરણું. આ જો જીવનમાં ઊતરે તો વાસનાની ઉપાસના થઈ જાય. પછી રાસ લીલામાં જવાની વેળા પ્રાપ્ત થાય તો યે હજી ભય રહે છે.હજી બુદ્ધિ માં સૂક્ષ્મ વાસના રહી જાય છે. સંતોના જીવનમાં ઊતારવાથી સ્થૂલ વાસનાનો નાશ થાય છે.પણ મન બુદ્ધિમાં જે સૂક્ષ્મ વાસના રહેલ તેનો નાશ થતો નથી. વાસનાના પૂર્ણ ક્ષય વગર મોહનો ક્ષય થતો નથી અને મોહના થય વગ મુક્તિ મળતી નથી. બુદ્ધિગત વાસના સૂર્યચંદ્રની ઉપાસના ન કરે ત્યાં લગી જતી નથી. પ્રભુ મનમાં બિલકુલ સૂક્ષ્મ મળ ન રહે,તો જ મન મરે. મન શ્રીકૃષ્ણમાં મળી જાય મન મરે તો મુક્તિ મળે. આત્મા તો નિત્ય મુક્ત છે.એને કોઈ બંધન નથી.જે સદા મુક્ત છે તેને બંધન શું?મનનેમુક્ત કરવાનું છે. ઈન્દ્રિયગત વિકાર અને વાસનાનો નાશ સંતોના ધર્મો આચરણમાં મૂકવાથી થાય છે. પણ જે વિકાર-વાસના મન-બુદ્ધિ માં સૂક્ષ્મ રૂપે છે, તેનો વિનાશ જલદી થતો નથી. જેનો છેલ્લો જન્મ હોય તેનું જ મન અતિ શુદ્ધ થાય છે. મારું મન શુદ્ધ છે એવી કલ્પના કરી ચાલવામાં જોખમ છે. એથી સાધના તરફ ઉપેક્ષા જાગે છે. આપનું લક્ષ્યબિંદુ શ્રીકૃષ્ણને મળવાનું છે, ઈશ્વર સાથે એક થવાનું છે. ભગવાન સાથે એક થવા માટે એક ભગવાનની કથા છે. કથા સાંભળવી એ પુણ્ય છે. બીજાં કર્મોનું ફળ કાળાંતરે છે. ભાગવતની કથા સાંભળવાનું ફળ તરત મળે છે. એ ફળ છે સંસારના વિષયનું વિસ્મરણ અને ઈશ્વર સાથે તન્મયતા. સંસારના વિષય જેના મનમાં ન આવે તેને મુક્તિ સુલભ છે. પ્રભુએ જગત ઉત્પન્ન કર્યુ છે તે ભજનમાં વિક્ષેપ કરતું નથી, પણ જીવ મનથી જે જગત ઊભું કરે છે તે ભજનમાં વિક્ષેપ કરે છે. મનમાંથી સંસારના સ્વરૂપને કાઢી નાખો એટલે ત્યાં શ્રીકૃષ્ણ આવશે. જગતમાં,પણ જગતને તમારામાં રાખશો નહીં. એક તેલની બરણી છે. તેમાં ઘણાં વર્ષોથી તેલ રાખો છો.બરણીપાંચ વખત ધોશો, તો બરણી સ્વચ્છ થશે પણ ચિકાશ રહી જશે.હવે આ ચિકાશવાળી બરણીમાં મુરબ્બો નાખશો,તો મુરબ્બો બગડી જશે. મનુષ્યનું મસ્તક બુદ્ધિ એ બરણી જેવાં છે. અનેક વર્ષોથી આ બરણીમાં કામવાસના રૂપી તેલ રાખતા આવ્યા છો.હવે એ બુદ્ધિરૂપી પાત્રમાં શ્રી કૃષ્ણરૂપી રસ રાખવાનો છે.બુદ્ધિ કંચનજેવી નિર્મળ થાય ત્યારે પ્રેમ રસ,ભક્તિ રસ તેમાં ઠરે છે.પરમાત્મા બુદ્ધિમાં આવે ત્યારે પૂર્ણ શાંતિ મળે છે. બુદ્ધિમાં ઈશ્વરનો અનુભવન થાય ત્યાં સુધી આનંદનો અનુભવ નથી. તે માટે મનના માલિક ચંદ્રની થતો અને બુદ્ધિના માલિક દેવ સૂર્યની આરાધના કરવાનું કહ્યું છે. શુકદેવજી વિચારે છે કે પરીક્ષિતના મનમાં હજી સૂક્ષ્મ વાસના રહી છે. વાસનાનો સહેજ અંશ,તેલની ચિકાશ જેટલો પણ હશે તો રાસ લીલામાં જવાશે નહીં. રાસલીલા નાં દર્શનની પાત્રતા પ્રાપ્ત કરવાની છે.ખરેખર ઊંડાં જળમાં હવે પ્રવેશ કરવાનો છે,એટલે શુકદેવ જી રાજાને અને સૌ શ્રોતાઓ ને સાવધાન કરે છે કે, બુદ્ધિમાંની સૂક્ષ્માતિસૂક્ષ્મ વાસનાનો નાશ કરવા તત્પરબનો! દઢ સંકલ્પ વગર હવે આગળ ડગલું ભરી શકવાનું નથી,પણ ગુરુની કૃપા છે, પ્રભુની દયા છે, ભાગવત કથાનો આધાર છે, શુકદેવજી વાણીનો તરાપો છે, એટલે પરીક્ષિતને હોય છે તે દઢ ચિત્તે કથાનું શ્રવણ કરે છે. ભાગવતમાં મુખ્ય કથા શ્રીકૃષ્ણની છે,છતાં રામને પધરાવ્યા પછી શ્રીકૃષ્ણ આવે છે. કોઈ પણ સંપ્રદાયમાં માનો,પણ જ્યાં સુધી રામજીની મર્યાદાનું પાલન નહીં કરો ત્યાં સુધી આનંદ મળતો નથી. રામજીની મર્યાદાનું પાલન એટલે રામજીના જેવું વર્તન રાખો.ભાગવતની કથા સાંભળનાર વક્તા-શ્રોતા રામજી ની મર્યાદામાં રહે. મનુષ્યને થોડી સંપત્તિ-અધિકાર મળે એટલે મર્યાદાને ભૂલી જાય છે, પણ રામજીની મર્યાદાનું પાલન કરો, રામના જેવું તમારું વર્તન રાખો, રામજીની મર્યાદા આપણી મર્યાદા બની શકે એ એનું મહત્ત્વ છે. રામ જીનું ચરિત્ર સર્વથા અનુકરણીય છે, પણ શ્રીકૃષ્ણ લીલાનું અનુ કરણ કરવાનું નથી. શ્રીકૃષ્ણલીલા ચિંતન કરવા માટે, ચિંતન કરી તન્મય થવા માટે છે. રામજી કરે તે કરવાનું અને શ્રીકૃષ્ણ કહે તે કરવાનું. રામ પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં મનુષ્યને આદર્શ બતાવે છે.રામજીનો માતૃ પ્રેમ, પિતૃપ્રેમ, બંધુપ્રેમ, રામજીનું એક પત્નીવ્રત વગેરે સઘળું જીવનમાં ઉતારવા જેવું છે. રામાયણના દરેક પાત્રનું આદર્શ ચરિત્ર છે. શ્રીકૃષ્ણ કરે તે આપણાથી ન થાય શ્રીકૃષ્ણ તો કાળીનાગ ઉપર નાચે છે અને કાળીનાગને નાથે છે. શ્રીકૃષ્ણ ટચલી આંગળી ઉપર ગોવર્ધનને ધરે છે.શ્રીકૃષ્ણના ચરિત્રનું અનુકરણ કરવું હોય તો પૂતના ચરિત્રથી કરજો. શ્રીકૃષ્ણ ઝેર પી ગયા હતા, તમે ઝેર પચાવ્યા પછી શ્રીકૃષ્ણચરિત્રનું અનુકરણ કરજો. કરશો? રામજી એ નિજ ઐશ્વર્ય છુપાવ્યું છે. મનુષ્ય સમક્ષ મનુષ્યનો આદર્શ ધર્યો છે. સાધકનું વર્તન રામના જેવું હોવું જોઈએ. સિદ્ધ પુરુષનું વર્તન શ્રીકૃષ્ણની લીલા હોઈ શકે. રામજીનો અવતાર રાક્ષસોને મારવા માટે થયો નથી, પણ મનુષ્યોને માનવધર્મ બતાવવા માટે થયો છે. રામજીની લીલા એવી સરળ છે, ત્યારે શ્રીકૃષ્ણની લીલા ગહન છે, અટપટી છે. રામજીની લીલા એવી સરળ છે કે, તરત મનમાં વસી જાય. રામજી સરળતાની પ્રતિકૃતિ છે. એવો સરળ કોઈ પુરુષ કદી જગતમાં થયો નથી. અગ્નિનારાયણ ભગવાને પ્રગટ થઈ ને કહ્યું કે, સીતા માતાજી પરમ પવિત્ર છે, શુદ્ધ છે, પછી બીજા પુરાવાની ક્યાં જરૂર હતી. પણ ગામનો ધોબી માતાજીની નિંદા કરે છેતેને રામજી મહત્ત્વ આપે છે. એટલા સારું કે,એમને આદર્શ બતાવવો છે કે,પ્રજાના સુખ રઘુનાથ પોતાના સુખનો ભોગ આપે છે! આ માટે નિષ્ઠુર બની તેઓ સીતાજીનો ત્યાગ કરે છે અને માટે જગતભરમાં એક અદ્ભુત લોક સેવાનો આદર્શ બતાવે છે. દુનિયાની કોઈ સંસ્કૃતિમાં આવો ત્યાગ જોવા નહીં મળે.રામાયણ એક અપ્રતિમ ગ્રંથ છે, અને રામકથા અપ્રતિમ કથા છે.રામજી મર્યાદા પુરુષોત્તમ શ્રીકૃષ્ણએ પુષ્ટિ પુરુષોત્તમ. રામ જીનું નામ પણ સરળ. રામજીના નામમાં એક પણ જોડાક્ષર નથી. શ્રીકૃષ્ણના નામમાં એકપણ સરળ અક્ષર નથી.બધા જોડાક્ષર છે.. રામજી દિવસના બાર વાગે આવે છે. કનૈયો રાત્રે બાર વાગે આવે છે દશરથજીના રાજમહેલમાં એક આવે છે, ત્યારે બીજો કંસના કારા ગૃહમાં.રામજીને ઓળખવા સહેલા છે, શ્રીકૃષ્ણને ઓળખવા કઠણ છે.પરંતુ રામજીની મર્યાદાને જીવનમાં ઉતારવી કઠણ છે. રામજી એ મર્યાદા છે, શ્રીકૃષ્ણ એ પ્રેમ છે. મર્યાદા અને પ્રેમ જીવનમાં ઉતારશો તો સુખી થશો. નરસિંહ અવતારની કથાએક્રોધનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. વામન અવતારની કથાએ લોભનો નાશ કેવી રીતે કરવો એ બતાવ્યું. રામચંદ્રજીના અવતારે કામનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. ક્રોધ,લોભ, કામનો નાશ થાય તે પછી શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટે છે. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી જ પરમાત્મા મળે-કૃષ્ણ મળે એટલે પહેલા સ્કંધથી શ્રીકૃષ્ણ કથા શરૂ થતી નથી,પણ વાસના ક્ષય થયા પછી તેની શરૂઆત થાય છે. શુકદેવજી પછી સત્યવ્રત મનુ મહારાજ વંશની કથા છે. વૈવસ્વત મનુ સૂર્યવંશના આદિ પ્રવર્તક છે. તેમનાં પત્નીનું નામ શ્રદ્ધા. તેમને દશ બાળકો થયાં. ઈક્ષ્વાકુ, નૃપ, શર્યાતિ, દિષ્ટિ, કરૂપ, નરિષ્યન્ત,પૃષધ્ન,નભગ અને કવિ આમાંથી દિષ્ટિના વંશમાં મરુત્ત નામનો ચક્રવર્તી રાજા થયો. મરુત્તના ગુરુ હતા બૃહસ્પતિ.તે ઈન્દ્રના પણ ગુરુ હતા.મરુત્તરાજા ને યજ્ઞ કરવાનો હતો, પણ બૃહ સ્પત એ આવવાની ના પાડી. કહે કે હું ઈન્દ્રનો ગુરુ,બાવા રાજવીને ત્યાં જાઉં તે શોભે નહીં. હવે કરવું શું? એવામાં મરુત્તને નારદજી મળ્યા. નારદજીએ કહ્યુ કે, યજ્ઞ કરવો છે તો કરો. બૃહસ્પતિના આવે તો બૃહસ્પતિ ના ભાઈ સર્વત્તને બોલાવો. રાજા કહે, સંવર્ત યોગી છે.યોગીનો પત્તો શું? નારદજીએ કહ્યું,પત્તો હું આપું, પણ મારું નામ લેશો નહીં. પુરુષોને એકાંત પ્રિય હોય છે. તેઓ તેમની સાધનામાં લીન રહે છે, તેથી કોઈ તેમાં વિક્ષેપ કરે તે તેમને ગમતું નથી. એથી નારદજી આવી સાવધ વાણી ઉચ્ચારે છે. પણ રસ્તામાં સંવત્ત યોગ્ય રોજ એક વખત કાશી,કાશી વિશ્વનાથ નાં દર્શન કરવા આવે કોઈ શબનાં દર્શન થાય તો તેને શિવરૂપ માની વંદન કરી પાછાં ફરી જાય છે. શબમાં જ એને શિવનાં દર્શન થઈ જાય છે,એવી એમની સમદષ્ટિ છે, વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત વિદ્યાર્થી ભાઈ બહેનો દિવાળી વેકેશનમાં સૌ આનંદ માણ્યો હવે ફ્રેશ તાજગી સાથે અભ્યાસમાં લીન થઈ મહેનત કરી પરિવાર સમાજ ગામ શહેર ગૌરવવંતુ પરિણામ પ્રાપ્ત થાય તેવી શુભકામના પાઠવું છું..

### કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' ઘણી ચર્ચામાં રહી છે

# કંગનાની ફિલ્મ 'ઇમરજન્સી'ની રિલિઝ ડેટ જાહેર

### ફિલ્મ આ વર્ષે સપ્ટેમ્બરમાં રિલીઝ થવાની હતી, પરંતુ પ્રમાણપત્ર ન મળવાને કારણે તે થઈ શક્યું નહીં

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' ઘણી ચર્ચામાં રહી છે. તેની રિલીઝ પહેલા જ તેના પર ઘણા વિવાદો થયા છે. જોકે, તે હજુ દર્શકો સુધી પહોંચી શકી નથી. તેની રીલિઝ ડેટ ઘણી વખત મોકૂફ રાખવામાં આવી છે. તે આ વર્ષે સપ્ટેમ્બરમાં રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર તરફથી પ્રમાણપત્ર ન મળવાને કારણે તે થઈ શક્યું નહીં. હવે તેની સોમવારની નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ આવતા વર્ષે સિનેમાઘરોમાં આવશે. કંગના રનૌતની આગામી ફિલ્મ 'ઈમરજન્સી'ની નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. આજે કંગના રનૌતે આ વાતનો ખુલાસો કર્યો છે. આ ફિલ્મ આ વર્ષે રિલીઝ નહીં થાય, પરંતુ આવતા વર્ષે સિનેમાઘરોમાં આવશે. નવી તારીખ ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ છેકંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક પોસ્ટ શેર કરી છે. તેણે ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે અને તેની સાથે કેપ્શન લખ્યું છે, 'દેશની સૌથી શક્તિશાળી મહિલાની મહાકાવ્ય વાર્તા... અને તે ક્ષણ જેણે ભારતનું ભાગ્ય બદલી નાખ્યું... તેના પર આધારિત ફિલ્મ 'ઈમર્જન્સી' ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' ભારતના




ઈતિહાસના એક સંવેદનશીલ સમયગાળાને આવરી લે છે અને આ કારણે તેની રિલીઝ પહેલા જ ઘણો વિવાદ થયો છે. આ ફિલ્મમાં કંગનાએ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવ્યું છે. શીખ સમુદાયનો વિરોધઃ ફિલ્મમાં શીખ સમુદાયને ખોટી રીતે દર્શાવવામાં આવ્યો હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ કારણે પંજાબમાં વિરોધ પ્રદર્શનો થયા હતા અને ફિલ્મ પર પ્રતિબંધ લગાવવાની માંગણી કરવામાં આવી હતી. સેન્સર બોર્ડની મુશ્કેલીઓઃ ફિલ્મને સેન્સર બોર્ડ તરફથી ઘણા ફેરફાર કરવા માટે કહેવામાં આવ્યું હતું. ફિલ્મમાં હિંસા અને કેટલાક વિવાદાસ્પદ દ્રશ્યોને કારણે આવું થયું હતું. રિલીઝ ડેટમાં ફેરફારઃ ઉપર જણાવેલા કારણોસર ફિલ્મની રિલીઝ ડેટમાં અનેક વખત ફેરફાર કરવામાં આવ્યા છે. રિલીઝ ડેટઃ હાલમાં, ફિલ્મની રિલીઝ ડેટ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. સેન્સર બોર્ડની મંજૂરીઃ ફિલ્મને સેન્સર બોર્ડ તરફથી કેટલાક ફેરફારો સાથે મંજૂરી મળી છે. વિવાદોનું શમી જવુંઃ હાલમાં, ફિલ્મને લગતા વિવાદો થોડા શમી ગયા છે. શા માટે આ ફિલ્મ ચર્ચામાં છે? તમે 'ઈમરજન્સી' ફિલ્મ વિશે વધુ માહિતી માટે અખબારો, મેગેઝિન અને ઓનલાઈન સમાચાર વેબસાઈટ્સનો સંદર્ભ લઈ શકો છો. ફિલ્મનું ટ્રેલર યુટ્યુબ પર જોઈ શકાય છે. કંગના રનૌતની ફિલ્મ "ઈમરજન્સી" માટે ઘણા વિવાદો અને ચર્ચાઓ બનેલી છે, અને તે હાલમાં ભારતનાં દર્શકો સુધી પહોંચી શકી નથી. ફિલ્મમાં કંગના ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઈન્ડિરા ગાંધીની ભૂમિકા નિભાવી રહી છે, અને તે ૧૯૭૫ માં લાગુ કરવામાં આવેલા ખતરા તરફી કાયદા ("એમરજન્સી") પર આધારિત છે.

### અલ્લુ અર્જુને કહ્યું- આજે તો પુષ્પાએ પણ ઝૂકવું પડશે

# સુપરસ્ટારની એક ઝલક માટે બિહારના લોકોએ હદ વટાવી

૧૭ નવેમ્બરના રોજ સુપરસ્ટાર અલ્લૂ અર્જુન અને સુકુમારની પેન-ઈન્ડિયા એક્શન ડ્રામા ફિલ્મ 'પુષ્પા ૨ : ધ રૂલ'નુ ટ્રેલર લોન્ચ થયું હતું. બિહારના પટનાના ગાંધી મેદાનમાં એક લાઈવ ઈવેન્ટ દ્વારા આ ટ્રેલર રીલીઝ કરવામાં આવ્યું હતું. આ ખાસ અવસરમાં ફિલ્મના સુપરસ્ટાર અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાએ ભાગ લીધો હતો. જણાવી દઈએ કે, આ ફિલ્મ આગામી ૫ ડિસેમ્બરના રોજસિનેમાઘરોમાંરિલીઝ થવા જઈ રહી છે. મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પુષ્પા- ધ રૂલ'ની ટ્રેલર રીલીઝ ઈવેન્ટમાં ફેન્સનું ગાંડપણ એટલું હતું કે અલ્લુ અર્જુન અને રશ્મિકાની એક ઝલક મેળવવા ગાંધી મેદાનમાં ચાહકોની ભારે ભીડ ઉમટી પડી હતી. જેના ફેન્સએ તેમના મનપસંદ સ્ટાર્સને જોવા માટે શક્ય તમામ પ્રયાસો કર્યા હતા. જેમાં અરાજકતા અને નાસભાગ જેવી સ્થિતિ સર્જાી હતી. જેબ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. પટનાના ગાંધી મેદાનનો ટ્રેલર લોન્ચ વખતેનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં સ્થિતિ એવી હતી કે ફેન્સ અલ્લુ અર્જુન અને રશ્મિકાને જોવા માટે ગ્રાઉન્ડમાં સ્થાપિત સ્ટ્રક્ચર્સ અને બેરિકેડ પર ચઢી ગયા હતા. આ પરિસ્થિતિને સંભાળવા માટે સુરક્ષા દળોને તૈનાત કરવા પડ્યા હતા.પરિસ્થિતિ એવી હતી કે ફેન્સ તેમના પ્રિય



એક્ટર અલ્લુ અર્જુનના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આવી સ્થિતિમાં ભીડને કાબૂમાં લેવા માટે પોલીસ પણ સ્થળ પર તૈનાત કરવામાં આવી હતી. જો કે અલ્લુ અર્જુન સમયસર સ્ટેજ પર ન આવવાને કારણે કેટલાક લોકો ગુસ્સે થઈ ગયા અને ગાંધી મેદાનમાં ચપ્પલ ફેંકવા લાગ્યા હતા. અલ્લુ અર્જુન સમયસર સ્ટેજ પર ન આવતા લોકો ગુસ્સે ભરાયા હતા પરંતુ અંતે એક્ટરના સંબોધન બાદ લોકોઉત્સાહમાં આવી ગયા હતા. અભિનેતાએ પોતાનું સંબોધન નમસ્તે બિહારથી શરૂ કર્યુ અને કહ્યું, 'પુષ્પા ક્યારેય ઝૂકતો નથી પરંતુ આજે તે તમારા પ્રેમની સામે ઝૂકશે. મારી હિન્દી બહુ સારી નથી. પણ એ માટે મને માફ કરી દેજો.'

### મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે

# ટાઈગર શ્રોફની આગામી ફિલ્મ બાગી ૪નું પહેલું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું

બોલિવૂડ એક્ટર ટાઈગર શ્રોફની બહુપ્રતિક્ષિત ફિલ્મ બાગી ૪ની રાહ હવે પૂરી થઈ ગઈ છે કારણ કે થોડા સમય પહેલા જ ફિલ્મનું પહેલું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે, જેમાં ટાઈગર શ્રોફ ખૂબ જ ઉગ્ર અંદાજમાં જોવા મળી રહ્યો છે.બાગી ૪ ફિલ્મના પહેલા પોસ્ટરમાં ટાઈગર શ્રોફ ખૂબ જ વાઈલ્ડ લુકમાં જોવા મળી રહ્યો છે. આ પોસ્ટરમાં દર્શાવવામાં આવેલ ફિલ્મનું દ્રશ્ય શૌચાલય જેવું લાગે છે. આ તસવીરમાં ટાઈગર ટોઈલેટ પોટની ઉપર બેઠો છે અને તેના એક હાથમાં દારૂની બોટલ છે અને બીજા હાથમાં ખતરનાક સાધન છે. ટાઈગરના મોઢામાં સિગારેટ દબાયેલી છે અને તેના કપડા પર લોહી છે. આ નવા લૂકમાં ટાઈગર ખૂબ જ ટૂંકા વાળ સાથે જોવા મળી રહ્યો છે. ટાઈગરના શર્ટના બટન સંપૂર્ણપણે ખુલ્લા છે, જેના કારણે તેના એબ્સ સ્પષ્ટ દેખાઈ




રહ્યા છે. વાઘની આસપાસ ઘણા લોકો જમીન પર મૃત હાલતમાં પડેલા જોવા મળે છે.બાગી ૪ ના શાનદાર પહેલા પોસ્ટરની સાથે એક ખાસ કેપ્શન પણ લખવામાં આવ્યું છે. બાગી ૪ના કેપ્શનમાં લખ્યું છે, "એક ઊંડી લાગણી, એક લોહિયાળ મિશન. આ વખતે તે એવો નથી.ટાઈગર શ્રોફે તાજેતરમાં જ તેના સોશિયલ મીડિયા હેન્ડલ ઈન્સ્ટાગ્રામ પર બાગી ૪ ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે, આ ફિલ્મના નિર્માતા સાજિદ નડિયાદવાલા છે આ ફિલ્મનું પહેલું પોસ્ટર જોવા માટે ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. આ ફિલ્મ ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે. આ ફિલ્મના નિર્માતા સાજિદ નડિયાદવાલા છે અને આ ફિલ્મનું નિર્દેશન હર્ષ કરશે.

### ભુલભુલૈયા ૩ની જાન્યુઆરી ૨૦૨૫ સુધી ઓટીટી પર એન્ટ્રી નહીં થાય

# કાર્તિક આર્યન અને વિદ્યાની હોરર કોમેડીની ઓટીટીના દર્શકોએ વધારે રાહ જોવી પડશે

### ૧ નવેમ્બરે 'સિંઘમ અગેઇન'ની સાથે થિએટરમાં 'ભુલભુલૈયા ૩' રિલીઝ થઈ હતી

દિવાળી પર ૧ નવેમ્બરે 'સિંઘમ અગેઈન'ની સાથે થિએટરમાં 'ભુલભુલૈયા ૩' રિલીઝ થઈ હતી. કાર્તિક આર્યન, વિદ્યા બાલન, તૃપ્તિ ડિમરી અને માધુરી દિક્ષિતની આ ફિલ્મને દર્શકોનો મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. છતાં બોક્સ ઓફિસ પર ફિલ્મને અત્યાર સુધીમાં ભારતમાં લગભગ ૧૮૩ કરોડ જેટલી અને વર્લ્ડ વાઈડ ૨૬૨ કરોડની કમાણી થઈ ચૂકી છે. પરંતુ હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે આ ફિલ્મની ઓટીટી પર આવવાની રાહ જોઈને બેઠેલા દર્શકોને થોડી વધુ રાહ જોવી પડશે. કાર્તિક અને વિદ્યાની હોરર કોમેડીની ઓટીટીના દર્શકોએ વધારે રાહ જોવી પડશે. સામાન્ય રીતે થિએટરમાં રિલીઝ થયાના સાત કે આઠ અઠવાડિયા પછી ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ શકે છે. પરંતુ કેટલાંક અહેવાલો




મુજબ અનીસ બાઝમીની આ ફિલ્મ જાન્યુઆરી ૨૦૨૫ પહેલાં ડિજીટલ પ્લેટફર્મ પર જોવા મળશે નહીં. ફિલ્મ દિવાળીના તહેવારો પર રિલીઝ થઈ પછી પહેલાં જ અઠવાડિયે ૧૫૦ કરોડની કમાણી કરી લીધી હતી.દિવાળી પર ૧ નવેમ્બરે 'સિંઘમ અગેઈન'ની સાથે થિએટરમાં 'ભુલભુલૈયા ૩' રિલીઝ થઈ હતી, સામે સિંઘમ અગેઈન પણ ધૂમ મચાવી રહી હતી, છતાં આ ફિલ્મે સારું પ્રદર્શન કર્યું હતું. હાલ આ ફિલ્મે સૌથી વધુ કામાણીમાં વર્ષ ૨૦૨૪ની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોની યાદીમાં ચોથું સ્થાન મેળવી લીધું છે. આ દર્શાવે છે કે લોકોને ફિલ્મના કલાકારો અને તેમના કૌશલ્યમાં વિશ્વાસ બેઠો છે અને લોકો હજુ ફિલ્મ જોવા જઈ રહ્યા છે. તેથી હજુ થિએટરથી વધુ કમાણીની શક્યતાઓ છે. તેથી હજુ મેકર્સ તેને ઓટીટી પર રિલીઝ કરીને કોઈ ઉતાવળ કરવા માગતા નથી. તેથી આ ઈન્તઝાર થોડા વધુ લંબાવાની શક્યતા છે.

# સેન્સર બોર્ડે 'ધ સાબરમતી રિપોર્ટ'ના ૪૦ ટકા હિંસાત્મક સીન પર કાતર ચલાવી



### ગોધરા કાંડ અને તેના પર રજૂ થયેલા મીડિયાના અહેવાલો પર આધારીત ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ને સેન્સર બોર્ડે યૂએ સર્ટિફિકેટ આપ્યું છે

ગોધરા કાંડ અને તેના પર રજૂ થયેલા મીડિયાના અહેવાલો પર આધારીત ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ને સેન્સર બોર્ડે યૂએ સર્ટિફિકેટ આપ્યું છે. સેન્સર બોર્ડના સૂચન અનુસાર ફિલ્મની ટીમે લગભગ ૧૧ ફેરફાર કર્યા છે, જેમાં ફિલ્મમાંથી ૪૦ ટકા હિંસાત્મક દૃશ્યો દૂર કરાયા છે અને કેટલાંક વાંધાજનક ડાયલોગ પણ દૂર કરાયા છે. જેમકે એક ડ્રાઈવરનો ડાયલોગ,"સબ મિલતા હૈ, બ્રાન્ડ બતાઈયે" ને બદલી દેવાયો છે અને અક્ષય કુમારની આરોગ્યલક્ષી જાહેરખબરમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે.આ ફિલ્મમાં ગોધરા કાંડનું રિપોર્ટિંગ કરી રહેલા પત્રકારનો રોલ વિક્રાંત મેસ્સી કરી રહ્યો છે, તેની સાથે રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા પણ પત્રકારનો રોલ ભજવે છે. પરંતુ તાજેતરમાં સોશિયલ મીડિયા પર કેટલાંક લોકોનો એવો દાવો છે કે આવનારી ફિલ્મના કારણે વિક્રાંત મેસ્સીનું વલણ બીજેપી તરફ થોડું હળવું થઈ ગયું છે. આ ચર્ચાઓ અંગે જવાબ આપતાં વિક્રાંત મેસ્સીએ જણાવ્યું હતું કે વર્ષોના તેના અંગત અનુભવોને કારણે તેના વિચારો પણ બદલાયા છે. તેનું કારણ માત્ર પ્રોફેશનલ નથી.તાજેતરમાં એક પોડકાસ્ટમાં વિક્રાંતે કહ્યું હતું કે તે માના છે કે પરિવર્તન અનિવાર્ય છે, પરંતુ તેના દૃષ્ટિકોણમાં ફેરફાર થયો હોવા છતાં તે પોતાની બિનસાંપ્રદાયિક વિચારધારાને વરેલો છે. વિક્રાંતે કહ્યું કે સમગ્ર ભારતના પ્રવાસ અને વિવિધ પરિપ્રેક્ષ્યમાંથી આવતા લોકો સાથેની મુલાકાતોને કારણે તેનું વલણ બદલાયું છે. તે લોકો સાથે વાતો કરવાથી તેમની સમસ્યાઓને વધુ સ્પષ્ટતાથી સમજી શકે છે. વાસ્તવિકતાના અનુભવ સાથે તેની સમજમાં ઊંડાણ આવ્યું છે. હવે તે કોઈ પણ સમસ્યાને તટસ્થ રીતે જોઈ શકે છે. મન શાંત રાખીને તેમાંથી બહારના પ્રભાવને અલગ તારવી શકે છે.


### 'ધ ફેબલ'ને ૩૮મો લીડ્ઝ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલનો એવોર્ડ

# મનોજ બાજપાઈની ફિલ્મને યૂકેનો બેસ્ટ ફિલ્મ એવોર્ડ ભારતીય સિનેમા માટે એક નોંધપાત્ર સિદ્ધિ

રાઈટર ડિરેક્ટર રામ રેડ્ડીની ફિલ્મ 'ધ ફેબલ'એ ૩૮મા લીડ્ઝ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૪ની મેઈન ઈન્ટરનેશનલ કોમ્પિટીશનનો બેસ્ટ ફિલ્મ માટેનો એવોર્ડ જીતીને ઈતિહાસ સર્જ્યો છે. કારણ કે આ એવોર્ડ જીતનારી આ પહેલી ભારતીય ફિલ્મ છે. ૧૯૮૭માં આ ફેસ્ટિવલ શરૂ થયો ત્યારથી કોઈ ભારતીય ફિલ્મે આ એવોર્ડ જીત્યો ન હોવાથી આ ભારતીય સિનેમા માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે. આ પહેલાં 'ધ ફેબલ'નું બર્લિનેલ ફિલ્મ ફેસ્ટિવલમાં વર્લ્ડ પ્રીમિયર થયું હતું, તેમજ મામી મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં આ ફિલ્મને સ્પેશિયલ જ્યુરી પ્રાઈઝ મળ્યું હતું.આ અંગે ફિલ્મના ડિરેક્ટર રામ રેડ્ડીએ કહ્યું,"લીડ્ઝ એક પ્રતિષ્ઠિત ફેસ્ટિવલ છે. આ ફેસ્ટિવલમાં પસંદ થયેલી ફિલ્મો તો અદ્‌ભુત હોય જ છે સાથે આ ફેસ્ટિવલને એકેડેમી એવોર્ડ માટેનો ક્વોલિફાયિંગ એવોર્ડ



માનવામાં આવે છે, જેમાં આ વર્ષે ૨૫૦ સુંદર ફિલ્મો દર્શાવાઈ. મને આ વર્ષના ફેસ્ટિવલમાં 'ધ ફેબલ' રજૂ કરવાની તક મળી અને આ ફિલ્મને ઓડિયન્સનો જે પ્રતિસાદ મળ્યો તે જોરદાર હતો. તેનાથી અમારો ઉત્સાહ ઘણો વધ્યો. આ રીતે આ પ્રકારના ફેસ્ટિવલમાં અમને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળવો એ એક ફિલ્મ મેકર તરીકે હું આભારી અને સંતોષની લાગણી અનુભવું છું. હું આ એવોર્ડ અમારી સમગ્ર ટીમને સમર્પિત કરવા માગું છું, જેમના વર્ષોના પ્રયત્નો અને મહેનતથી આ ફિલ્મ જીવંત બની."આ ફિલ્મના લીડ એક્ટર મનોજ બાજપાઈએ જણાવ્યું,"આ ફિલ્મનો ભાગ બનીને હું અતિશય ગૌરવ અનુભવું છું કે આ ફિલ્મ વિશ્વકક્ષાએ લોકોને સ્પર્શી શકે છે. પ્રતાપ રેડ્ડી અને રામ રેડ્ડી સાથે જુહી અગ્રવાલ, ગુનિત મોંગા તેમજ અચિન જૈનની વાર્તા કહેવાની રીત અને વાસ્તવિકતાને જાદુઈ રીતે ઊંડાણ ઉમેરવાની શૈલીથી મને અનોખો




અનુભવ પ્રાપ્ત થયો છે. મારી સાથે પ્રિયંકા બોઝસ દીપક ડોબરિયાલ અને તિલોત્તમા શોમેએ પણ અદ્‌ભુત કામ કર્યું છે. આ માત્ર અમારી ફિલ્મની જીત નહીં પણ ભારતીય સિનેમાની એક ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. આશા છે કે આ ફિલ્મ લોકોને પ્રેરિત કરતી રહે અને સ્પર્ષતી રહે."ગુનીત મોંગાએ આ અંગે જણાવ્યું હતું, "આ ફિલ્મને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો તેનાથી હું અતિ ઉત્સાહીત છું. આ ભારતીય સિનેમાની પહેલી જીત છે. રામ રેડ્ડીની દૃષ્ટિ અને મનોજ બાજપાઈના અભિનયનું આ પરિણામ છે. લોકો આ ફિલ્મ સાથે જોડાઈ શકે છે તે અમારા માટે ગૌરવની વાત છે."આ એક ઈન્ડિયન-યૂએસના પ્રોડક્શનની સહિયારી ફિલ્મ છે.

# ફિલ્મોમાં મહિલાઓને ખોટી રીતે દર્શાવાય છે

સામંથા રૂથ પ્રભુને ફિલ્મોમાં માત્ર 'શો પીસ' તરીકે રહેવામાં રસ નથી. સામંથા સિરિયસ અને ચેલેન્જિંગ રોલ કરવામાં માને છે. વાસ્તવિક જગતમાં મહિલાઓ જેવી છે, તેવી જ તેમને ફિલ્મોમાં પણ બતાવવી જોઈએ, તેવું સામંથા માને છે. જો કે ફિલ્મોમાં મહિલાને સાવ ખોટી રીતે દર્શાવવામાં આવતી હોવાનો સામંથાને અફસોસ છે. સામંથા દરેક રોલની પસંદગીમાં ખૂબ કાળજી રાખે છે. નાણાં અથવા વાહ-વાહીના આધારે જ રોલ પસંદ કરવાની ઈચ્છા હોત તો સામંથાએ 'પુષ્પા ૨'માં પણ ઊ અંટ્વા જેવું ગીત



કરવાની હા પાડી હોત. સામંથાએ તેના બદલે ઓછા બજેટની કે સ્ટાર વગરની ફિલ્મો કરવાનું વધારે ગમાડ્યું છે. અગાઉ ગ્લેમરસ રોલ કરનારી સામંથા હવે 'ફ્લાવર'માંથી 'ફાયર' બનવા માગે છે. જેનો પુરાવો તાજેતરમાં રિલીઝ થયેલી સિરીઝ 'સિટાડેલઃ હની બની' પરથી આવી રહ્યો છે. સામંથાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું હતું કે, ઓડિયન્સને વાસ્તવિકતા ગમે છે અને પોતાની જાત સાથે સરખાવી શકે-સાંકળી શકે તેવી વસ્તુઓ ઓડિયન્સને વધારે ગમે છે. તેથી રોલની પસંદગી કરવાનું કામ જવાબદારી સાથે કરવું જોઈએ.

# અભિનેત્રી સોનાલી બેન્દ્રેને કાળા કપડાં કેમ વધારે ગમે છે?



એવા ઘણા સેલેબ્રિટીઝ છે, જેઓ પાર્ટીઝ કે ઈવેન્ટ્સમાં બ્લેક ડ્રેસ પહેરવાનું પસંદ કરે છે. ઘણા લોકો એવું માને છે કે બ્લૅક કપડામાં વ્યક્તિ વધુ પાતળી અને સ્લિમ દેખાય છે. તો ઘણા લોકો કેટલીક માન્યતાને કારણે પણ બ્લૅક ડ્રેસ પહેરતા હોય છે. તાજેતરમાં સોનાલી બેન્દ્રેએ ખુલાસો કર્યો છે કે, તેને બ્લૅક કપડાં પહેરવા ગમે છે. તાજેતરમાં સોનાલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર કેટલીક તસવીરો શેર કરી હતી. જેમાં તેણે એક એન્કલ લેંથનો બ્લૅક ડ્રેસ પહેર્યો હતો. તેની સાથે તેણે ગોલ્ડન ડ્રોપ ઈઅરિંગ્ઝ પહેરી હતી. સાથે બિલકુલ સાદગીભર્યો હળવો મેક અપ કર્યો હતો, જ્યારે હેરસ્ટાઈલમાં એક બન બનાવ્યું હતું. આ તસવીરો સાથેની કૅપ્શનમાં તેણે લખ્યું, "મારા કપડાંની જેમ, જેવી મને કૉફી ગમે છેઃ બ્લૅક!"૧૨ નવેમ્બરે સોનાલી બેન્દ્રે અને તેના પતિ ગોલ્ડી બ્હલે ૨૨ મી એનિવર્સરી ઉજવી હતી. આ નિમિત્તે સોનાલીએ એક વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં તેમની રોમેન્ટિક યાદો તાજી કરી હતી. સોનાલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો શેર કર્યો હતો. તેની સાથે કૅપ્શનમાં તેણે લખ્યું, "૨૨ ગોલ્ડી બ્હલ". આ કૅપ્શન સરળ હતી, સાથે પોસ્ટ થયેલો વીડિયો તેમના સંબંધની મજબૂતી દર્શાવતો હતો. તેની સાથે તેણે દો પત્તી ફિલ્મનું "મૈયા" ગીત મૂક્યું હતું. તેણે લખ્યું, "ત્યારે. હાલ. હંમેશા." આ વીડિયોમાં એક તસવીર ૧૨ નવેમ્બર, ૨૦૦૨માં તેમના લગ્નની પણ હતી. સોનાલી અને ગોલ્ડીએ વૈભવી લગ્ન કર્યા હતા. જેમાં એ વખતના મુંબઈના મુખ્ય મંત્રી વસંતરાવ દેશમુખ સહીત ઘણી મોટી હસ્તીઓએ હાજરી આપી હતી.

# દસ્ક્રોઈના કાણીયેલ ખાતે શાકભાજી પાકોમાં ધરું ઉછેર અને સંકલિત પોષણ વ્યવસ્થાપન અંગેનો પરિસંવાદ યોજાયો

## ખેડૂતોને શાકભાજી પાકોમાં ધરું ઉછેર, સંકલિત પોષણ વ્યવસ્થાપન, પ્લગ નર્સરી, પાક સંરક્ષણ, મિશ્ર ખેતી, આંતરપાક વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું




। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ દ્વારા જિલ્લાના ખેડૂતો માટે દસ્ક્રોઈના કાણીયેલ ગામે 'શાકભાજી પાકોમાં ધરું ઉછેર અને સંકલિત પોષણ વ્યવસ્થાપન' અંગે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદ અંતર્ગત અમદાવાદના નાયબ બાગાયત નિયામકશ્રી જે. જે. પરમારે ખેડૂતોને શાકભાજી પાકો માટે તંદુરસ્ત ધરું ઉછેર માટે વધુમાં વધુ પ્લગ નર્સરી ઊભી કરવા અનુરોધ કરીને બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી કે.કે.પટેલે પ્રાકૃતિક ખેતીનાં આયામો તેમજ ખેતી ખર્ચ ઘટાડવા બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. બાગાયત અધિકારી શ્રી વી.એચ.રાવલ દ્વારા ખેડૂતોને 'Grow More Fruit Crop' કેમ્પેઈન અંતર્ગત તાલુકામાં વધુમાં વધુ ફળઝાડનું વાવેતર થાય તે માટે સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂતશ્રી ઉદાજી ઝાલા દ્વારા શાકભાજી પાકમાં પ્રાકૃતિક ખેતી તથા રમેશભાઈ પ્રજાપતિ દ્વારા ફાલસા ખેતી અંગે પોતાના અનુભવ વર્ણવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામાં બાગાયતી પાકોમાં ખેડૂતો દ્વારા અપનાવવામાં આવેલી આધુનિક કૃષિ પદ્ધતિઓના પરિણામે જિલ્લામાં નવીન બાગાયતી પાકોમાં વાવેતર સારા એવા પ્રમાણમાં વધ્યું છે. પરિસંવાદ અને તાલીમ જેવા કાર્યક્રમો જિલ્લાના ખેડૂતોને વધુ પ્રમાણમાં બાગાયતી ખેતી અપનાવવા તરફ પ્રોત્સાહિત કરે છે. આ પ્રસંગે માજી. જિલ્લા સદસ્ય શ્રી ફૂલસિંહ બબાજી ચૌહાણ, ગામનાં આગેવાનશ્રીઓ તેમજ આત્મા, ખેતીવાડી, બાગાયત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દસ્ક્રોઈ તાલુકાના અંદાજીત ૩૦૦થી વધુ ખેડૂતોએ બહોળી સંખ્યામાં આ પરિસંવાદનો લાભ મેળવ્યો હતો.

# દેવગઢ બારીઆ ભૈ દરવાજા વિસ્તારમાં વારંવાર ટ્રાફિક જામના કારણે દર્દી લઈ અટવાઈ ૧૦૮ એમ્બ્યુલન્સ



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૯ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ શહેર ની વચ્ચે થી નીકળતો સ્ટેટ હાઈવે જે માત્ર એક રસ્તો છે છોટાઉદેપુર વડોદરા પાવાગઢ જવા માટે માત્ર એક જ રસ્તો છે જેના કારણે વારંવાર ટ્રાફિક ની સમસ્યા ઉભી થાય છે અને હાલ તસ્વીર માં પણ જોઈ શકાય છે કે ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ટ્રાફિક માં દર્દી લઈ અટવાઈ છે જેના કારણે ખુબ જ તકલીફ થઈ રહી છે પ્રજા ને આ ટ્રાફિક સમસ્યા ના કારણે રાહદારી આસપાસ ગામ ના લોકો ને પ્રવેશવા માટે માત્ર આજ એક રોડ છે બાકી બીજો કોઈ વિકલ્પ ના હોવા ના કારણે અહી વારંવાર ટ્રાફિક ની સમસ્યાઓ સર્જાય છે આ વિસ્તાર માં વારંવાર જામ થતા ટ્રાફિક સમસ્યા નો નિકાલ થાય તેવી અહી ના વિસ્તાર તથા ગ્રામ્યજનો ની માંગ છે.

# કડાણા ખાતે રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી ૨૦૨૪



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૯ ।

સમગ્ર ભારત દેશમાં દર વર્ષે ૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ સંદર્ભે સરકારી તાલુકા પુસ્તકાલય કડાણા ખાતે ઉજવણી કરવામાં આવેલ હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ હતી. મંત્રી શ્રી રાજુભાઈ શ્રી ભરતભાઈ શ્રી મણીભાઈ શ્રી પ્રકાશભાઈ શ્રી માનવેન્દ્રભાઈ શ્રી અશ્વિનભાઈ શ્રી નાથાભાઈ ના વરદ હસ્તે કરવામાં આવ્યું. શ્રી ઈન્દ્રજીતસિંહજી શ્રી રાજેન્દ્રસિંહ શ્રી દીપકભાઈ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ભરતભાઈ એ. પંડ્યા તેમ જ શ્રી વસંતભાઈ એસ. જોશી દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ હતું. ગ્રંથાલય સપ્તાહની ઉજવણી સંદર્ભે સરકારી તાલુકા પુસ્તકાલય કડાણા દ્વારા પુસ્તક પ્રદર્શનનું આયોજન ઉપરાંત વાંચન



સ્પર્ધા, રંગોળી સ્પર્ધા,વૃક્ષારોપણ, સ્વચ્છતા દિવસ જેવા કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ હતું. વિવિધ સ્પર્ધામાં વિજેતા બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મદદનીશ ગ્રંથપાલ શ્રી નરેન્દ્રભાઈ રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર સપ્તાહને સફળ બનાવવામાં ગ્રંથપાલ ના કર્મચારીઓ શ્રી કોમલબેન, શ્રી પ્રકાશભાઈ, શ્રી રૂઘનાથભાઈ એ ભારે જહેમત ઉઠાવી હતી.

# ઝાલોદ નગરપાલિકાના ૧૩ જેટલા કર્મચારીઓ સાથે અન્યાય : પેન્શન ન મળતાં પરિવારોને જીવન જીવવા પડતી હાલાકી

## ઝાલોદ નગરપાલિકાના ૪ કર્મચારીઓને સરકાર તરફ થીપેન્શન તથા અન્ય લાભો આપવામાં છે તો બીજા કર્મચારીઓ સાથે અન્યાય કેમ..



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ઝાલોદ નગરપાલિકામા ફરજ બજાવતા ૧૩ જેટલા કર્મચારીઓને સરકાર દ્વારા મળતી પેન્શન સુવિધાનો લાભ ન મળતાં તેઓના રોજીંદા જીવન જીવવામાં ભારે તકલીફનો સામનો કરવો પડી રહેલ છે. ૧૩ જેટલા કર્મચારીઓ નગરપાલિકા માંથી વય નિવૃત્ત થયેલ છે તેઓ દ્વારા અવારનવાર કોર્ટના ધક્કા ખાઈ પોતાના હક માટે લડી રહેલ હતા. નામદાર કોર્ટ દ્વારા આ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ અરજીઓના અનુસંધાનમાં તારીખ ૨૨-૦૮-૨૦૨૪ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફ થી ૧૪ કર્મચારીઓને પેન્શન તથા અન્ય લાભો ૪ અઠવાડિયામા ચૂકવવા માટેનો મૌખિક આદેશ કરવામાં આવેલ છે જે પૈકી ૧૩ કર્મચારીઓ સામે નગરપાલિકા તરફથી અપીલ કરી એલ.પી.એ દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૧ કર્મચારી સામે અપીલ કરવામાં આવેલ નથી જે અન્ય ૧૩ કર્મચારીઓ સામે ભેદભાવ અને દ્વેષ રાખી પેન્શન તથા અન્ય લાભો યેનકેન પ્રકારે અડચણ ઉભી કરી કર્મચારીઓને ના મળે તેવી રાજરમત નીવૃત ૧૩ કર્મચારી સાથે કરવામાં આવી રહી છે જે અન્યાય કરવામાં આવે છે તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિવૃત્ત કર્મચારીઓને લાભો આપવા માટે હુકમ કરેલ હતો. છતાંય આ કર્મચારીઓને કોઈ પણ જાતના મળવા પાત્ર લાભો મળેલ નથી અને નામદાર ગુજરાત હાઈ કોર્ટના આદેશનો અનાદર કરેલ છે.

આ અગાઉ પણ વય નિવૃત્ત થયેલ કર્મચારીઓને નામદાર કોર્ટના માધ્યમથી મળવા પાત્ર લાભ મળી રહેલ છે તો આ ૧૩ કર્મચારીઓ સાથે અન્યાય કેમ.. તેમજ અરજી કર્તા આ કામદારો પછીથી વય નિવૃત્ત કર્મચારીને પણ સરકારના ધારા ધોરણ પ્રમાણે લાભ મળે છે તો આ કર્મચારીઓ સાથે અન્યાય કેમ તેવો વેધક સવાલ કર્મચારીઓના મનમાં થઈ રહેલ છે.

આ ૧૩ કર્મચારીઓ સાથે દ્વેષભાવ રાખી સરકાર દ્વારા આપવામા આવતા લાભો કેમ અટકાવી રાખેલ છે. જો આ અરજી કરેલ પછીના કર્મચારીને સરકાર દ્વારા મળતા બધા મળી રહેલ છે તો બાકીના કર્મચારીઓ સાથે અન્યાય કેમ... આ અંગે પેંશન મળવા પાત્ર કર્મચારીઓને એવું લાગી રહેલ છે કે આમાં સરકારના હુકમનો અનાદર કર્મચારી સાથે અન્યાય કરવામાં આવી રહેલ છે. આ કર્મચારીઓની હાલ તો એક જ માંગ છે નામદાર કોર્ટના હુકમનો અમલ કરી સરકાર દ્વારા જે મળવા પાત્ર લાભ છે તે આ દરેક કર્મચારીઓને મળે.

# પ્રકૃતિના ખોળે રહી પ્રાકૃતિક ખેતી કરતા દેડિયાપાડા તાલુકાનો ખેડૂતમિત્ર રામજીભાઈ વસાવા



। રાજપીપળા, તા.૧૯ ।

નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારના આદિવાસી લોકો પ્રાકૃતિક ખોળે રહી પ્રકૃતિમય જીવનનો લ્હાવો લેતા હોય છે સાથે-સાથે પ્રાકૃતિક ખેતી સાથે પણ સંકળાયેલા હોય છે. આદિવાસી સમાજ મોટા ભાગે ખેતી પર આત્મનિર્ભર હોય છે. જેમાં મુખ્ય પાક જોઈએ તો કપાસ, ડાંગર, મકાઈ, જુવાર, દાદર, તુવેર, મગફળી, ચણા, સહિત વિવિધ પ્રકારની શાકભાજી કરતા હોય છે. નર્મદા જિલ્લાના કેટલાક ખેડૂતોમિત્રો પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા અને પ્રાકૃતિક ખેતી કરતા હોય છે. એવા જ એક ખેડૂતમિત્ર જે બેસણા ગામમાં રહે છે. અને પ્રાકૃતિક ખેતી કરે છે. દેડિયાપાડા તાલુકાના ખેડૂતમિત્રશ્રી રામજીભાઈ વસાવાએ પ્રાકૃતિક ખેતી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ બને છે. આ ખેડૂતે ખેતરમાં આંબાની વાડી કરેલ છે. જેમાં મકાઈ અને તુવેર જેવા પાકોનું વાવેતર કરે છે. દૈનિક રોજબરોજની આજીવિકાના ખર્ચા માટે ગામ સહિત આજુબાજુના વિસ્તારમાં મરચા અને મેથીની ભાજીનું વેચાણ કરે છે.

# માનસિક દિવ્યાંગ મહિલાનું પરિવાર સાથે પુનઃમિલન કરાવતું સખી વન સ્ટોપ સેન્ટર



। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગુજરાત સરકારની દેખરેખ હેઠળ કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર –સોલા, અમદાવાદ અને ૧૮૧ મહિલા હેલ્પલાઈન પીડિતા સુશ્રી પ્રભાબહેન(નામ બદલેલ છે) માટે પોતાના ઘરે પહોંચવાનું માધ્યમ બની. ૧૮૧ પર મદદ માંગવાના કારણે સખી વન સ્ટોપ સેન્ટર, સોલા ખાતે પ્રભાબહેનને લઈ જઈને તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. તેમની ભાષામાં જાણ ન પડતાં સેન્ટરના કર્મચારીઓ દ્વારા બોપલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરીને ભાષાનાં જાણકારને બોલાવવામાં આવ્યા હતા. પ્રભાબહેને તેમનું સરનામું ઓડિશાનું જણાવ્યું હતું.

બોપલ પોલીસ અને સોલા પોલીસ સ્ટેશન દ્વારા પ્રભાબહેનનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવ્યો હતો. બીજી તરફ સોલા પોલીસ સ્ટેશન પર પ્રભાબહેનની ગુમ થયાની ફરિયાદ પણ નોંધવામાં આવી હતી. સોલા પોલીસ સ્ટેશનથી તેમના પરિવારની જાણકારી મળી, જેના આધારે તેમના પુત્રને જાણ કરવામાં આવી હતી.

સુશ્રી પ્રભાબહેનના પુત્રને સખી વન સ્ટોપ સેન્ટર પર બોલાવવામાં આવ્યા હતા. તેમના પુત્રએ જણાવ્યું હતું કે પ્રભાબહેન અસ્થિર મગજના હોવાથી ઘરેથી નીકળી ગયા હતાં. પ્રભાબહેન પુત્ર જોડે ગોતા ગામમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. આમ, સખી વન સ્ટોપ સેન્ટરની મદદથી માનસિક દિવ્યાંગ પ્રભાબહેનને તેમના પુત્ર જોડે પુનઃ મુલાકાત કરાવવામાં આવી હતી.

# ભરૂચ વિધાનસભા મતવિસ્તારના ૭૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ લોકો માટે આયુષ્માન વય વંદના કેમ્પનું આયોજન કરાયું



। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ''આયુષ્માન વય વંદના કાર્ડ'' કે જે ૭૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના વૃધ્ધ લાભાર્થીઓ માટે છે. જેમાં આવક મર્યાદાના બાધ વગર તમામ લાભો મળવાપાત્ર છે. ''આયુષ્માન વય વંદના કાર્ડ'' માત્ર આધાર કાર્ડ ધ્વારા આશાનીથી બનાવી શકાય છે. જેને અનુસંધાને આજરોજ ભરૂચ શહેરના સર્કીટ હાઉસ ખાતે ભરૂચ વિધાનસભા મતવિસ્તાર માટે જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી જે.એસ.દુલેરાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમ દ્નારા આયુષ્માન વય વંદના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ભરૂચના ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસેની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ કેમ્પમાં ૭૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા નાગરિકોએ ભાગ લીધો હતો. શારિરિક રીતે અશક્ત લોકો માટે પણ સવિશેષ સુવિધા આપી તેમનો આ કેમ્પનો લાભ આપવામાં આવ્યો હતો. જ્યારે પથારીવશ, અશક્ત અને બીમારવ્યક્તિઓ માટે ઘર બેઠાં આરોગ્ય વિભાગ સેવા આનાર છે. આ સાથે આયુષ્યમાન વય વંદના કેમ્પમાં મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવતા તેનો પણ લોકોએ લાભ લીધો હતો. આ તબક્કે પેટા આરોગ્ય કેન્દ્ર (આયુષ્માન આરોગ્ય મંદિર), પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં શહેરના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં, ગૂગલ પ્લે સ્ટોરમાં જઈ આયુષ્માન ભારત એપ ધ્વારા વેબ પોર્ટલ પરથી કોઈ પણ વ્યક્તિ આ કાર્ડ બનાવી શકે છે.

# ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ



। ગાંધીનગર, તા.૧૯ ।

આદિજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ન્યુ ગુજરાત પેટર્ન આયોજન વર્ષ ૨૦૨૪-૨૫ સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ કચેરી ખેડબ્રહ્મા – સાબરકાંઠા દ્વારા જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

આ બેઠકમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન આયોજન વર્ષ ૨૦૨૪-૨૫ના અમલ અંગે મંત્રીશ્રી દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજિત રૂ.૨૦૧૦ લાખની જોગવાઈ સામે અંદાજિત રૂ.૨૨૧૪ લાખ જેટલા કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત જિલ્લમાં અંદાજિત ૬૧૭ કામો દ્વારા ૨૧,૭૧૬ જેટલા લાભાર્થીઓને લાભ મળશે. મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં બેઠકમાં જિલ્લામાં પાક અને કૃષિ, પશુપાલન, ડેરી, વન, પર્યાવરણ, સહકાર, ગ્રામવિકાસ, વીજળી, ગ્રામ લઘુ ઉદ્યોગ અને રસ્તાઓ, શિક્ષણ અને સરકારી અનેક યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં લોકસભા સાસંદ શ્રી શોભાનાબેન બારૈયા અને રાજ્યસભા સંસદ સભ્ય શ્રી રમીલાબેન બારા, ખેડબ્રહ્મા ધારાસભ્ય શ્રી તુષારભાઈ ચૌધરી, સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી, સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકા પ્રમુખ શ્રીઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિર્ણર્ય થોપવાનો પ્રયાસ કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. પ્રિયપાત્ર સાથે કેન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. નવી યોજનાઓ તથા સાહસોને અમલમાં મુકવા માટે સારો દિવસ.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના ગાંધીનગરમાં ૫૦મી અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન પરિષદને મુખ્ય અતિથિ તરીકે સંબોધન

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ગુજરાતના ગાંધીનગરમાં મુખ્ય અતિથિ તરીકે ૫૦મી અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન પરિષદને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી ગોવિંદ મોહન અને બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (બીપીઆર એન્ડ ડી)ના મહાનિર્દેશક શ્રી રાજીવકુમાર શર્મા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પોતાના સંબોધનમાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન પરિષદ વિના આજે આપણી પોલીસ વ્યવસ્થા અને સુરક્ષા વ્યવસ્થાને સુસંગત રાખવી અશક્ય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પોલીસ વિજ્ઞાન પરિષદ અપરાધ સામેની લડાઈમાં આપણી સંપૂર્ણ વ્યવસ્થાને સુસંગત રાખવા માટે છે. શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશનોમાં બીટ કોન્સ્ટેબલ સ્તર સુધી સંશોધન અને વિકાસનું માળખું, ભાગીદારી, ઈનપુટ્સ એકત્રિત કરવાની પદ્ધતિઓ તથા સંશોધન અને વિકાસને સંપૂર્ણપણે સ્થાપિત કરવાની વ્યવસ્થા પર નવેસરથી કામ કરવાની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે, હવે આ પાસાંઓનું પુનઃમૂલ્યાંકન કરવાનો સમય પાકી ગયો છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે કોઈપણ સિસ્ટમ જો ૫૦ વર્ષ સુધી યથાવત રહે તો તે અપ્રચલિત થઈ જાય છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે, છેલ્લાં કેટલાંક દાયકાઓમાં દેશ, દુનિયા, ગુનાખોરીનાં ક્ષેત્રમાં અને પોલીસવ્યવસ્થામાં નોંધપાત્ર ફેરફારો થયાં છે. જો કે, તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે શું પોલીસ સાયન્સ કોન્ફરન્સ આ ફેરફારોને અનુરૂપ વિકસિત થઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પોલીસ વિજ્ઞાન પરિષદમાં નિર્ણયોની કાર્યપ્રણાલી, ઉદેશો અને અમલીકરણમાં સમયસર ફેરફારો કરવામાં આપણે થોડા પાછળ છીએ. શ્રી શાહે એમ પણ કહ્યું હતું કે, ભવિષ્યનાં પડકારોને સમજ્યા વિના આપણું આયોજન ક્યારેય સફળ નહીં થઈ શકે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર



મોદીનાં નેતૃત્વમાં ભારતે વૈશ્વિક સ્તરે નેતૃત્વ ભૂમિકા અદા કરવા માટે દરેક ક્ષેત્રમાં આગેકૂચ કરી છે અને તેના પરિણામે આપણા પડકારોમાં વધારો થયો છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, ભારતનું અર્થતંત્ર દુનિયામાં ૧૧માં ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવાથી ૫માં ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે અને વર્ષ ૨૦૨૮ સુધીમાં આપણે દુનિયામાં ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જઈશું. શ્રી શાહે જણાવ્યું હતું કે, મોદી સરકારે ડિજિટલ ક્રાંતિ મારફતે ન્યાયિક પ્રક્રિયાને વધારે ઝડપી અને પારદર્શક બનાવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સ દરમિયાન નવા ફોજદારી કાયદાઓ, ફોરેન્સિક સાયન્સનો ઉપયોગ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, બ્લોક-ચેઈન ટેકનોલોજીનો ઉપયોગ, સાયબર ફ્રોડ, સ્માર્ટ સિટીમાં પોલીસિંગ, આદિવાસી વિસ્તારોમાં કોમ્યુનિટી પોલીસિંગ અને જેલોમાં કટ્ટરવાદને દૂર કરવાનાં પગલાં જેવા વિષયો પર આઠ સત્રોમાં ચર્ચા થશે. ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતે આંતરિક સુરક્ષા અને તેની અપરાધિક ન્યાય વ્યવસ્થામાં પરિવર્તનનો પવન ફૂંક્યો છે. આગામી ૧૦ વર્ષમાં ભારતની અપરાધિક ન્યાય પ્રણાલી દુનિયાની સૌથી આધુનિક, વૈજ્ઞાનિક અને ઝડપી હશે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, ત્રણ નવા ફોજદારી કાયદાઓનો સંપૂર્ણ અમલ થવાથી સુપ્રીમ કોર્ટનાં સ્તરે પણ ત્રણ વર્ષની અંદર કોઈ પણ સંજોગોમાં ન્યાય મળશે.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, દાયકાઓથી કાશ્મીર, ઉત્તરપૂર્વ અને નક્સલપ્રભાવિત વિસ્તારોની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. જો કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સરકારે સુરક્ષાને મજબૂત કરી છે અને આ ક્ષેત્રોની પરિસ્થિતિઓમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, પાછલા દાયકાની સરખામણીમાં છેલ્લાં ૧૦ વર્ષમાં અમે સફળતાપૂર્વક હિંસામાં આશરે ૭૦ ટકાનો ઘટાડો કર્યો છે. શ્રી શાહે નોંધ્યું હતું કે, મોદી સરકારનાં છેલ્લાં ૧૦ વર્ષમાં સત્તાવાળાઓએ રૂ. ૩૫,૦૦૦ કરોડની કિંમતનાં ૫,૪૫,૦૦૦ કિલોગ્રામ નશીલા દ્રવ્યો સફળતાપૂર્વક જપ્ત કર્યા છે, જે મોદી સરકાર સત્તામાં આવ્યાં અગાઉનાં ૧૦ વર્ષમાં જપ્ત કરવામાં આવેલી રકમ કરતાં છ ગણી વધારે છે. તેમણે કહ્યું કે આનો અર્થ એ છે કે પાછલા ૧૦ વર્ષોમાં, અમે વૈજ્ઞાનિક રીતે જપ્તીની પ્રક્રિયાને સુધારી છે અને તેમાં સફળતા મેળવી છે.કેન્દ્રીય ગૃહ પ્રધાને કહ્યું કે કમ્પ્યુટરાઈઝેશન એ નવા ગુનાહિત કાયદાઓને લાગુ કરવાની દિશામાં પહેલું પગલું છે. તેમણે જણાવ્યું હતું કે, દેશનાં ૧૦૦ ટકા પોલીસ સ્ટેશનો એટલે કે તમામ ૧૭,૦૦૦ પોલીસ સ્ટેશનોનું કમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે અને તેમને ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ (સીસીટીએનએસ) સાથે જોડવામાં આવ્યાં છે. આ ઉપરાંત ૨૨,૦૦૦ અદાલતોને ઈ-કોર્ટ સિસ્ટમ સાથે સંકલિત કરવામાં આવી છે અને ઈ-જેલ સિસ્ટમ હેઠળ હવે બે કરોડથી વધુ કેદીઓના ડેટા ઉપલબ્ધ છે. ઈ-પ્રોસિક્યુશન મારફતે, ૧.૫ કરોડથી વધુ કાર્યવાહી માટેના ડેટા ઉપલબ્ધ છે અને ઈ-ફોરેન્સિક મારફતે, ૨૩ લાખથી વધુ ફોરેન્સિક પરિણામો માટેના ડેટા પણ સુલભ છે. નેશનલ ઓટોમેટેડ ફિંગરપ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમ (NAFIS) હેઠળ ૧.૬ કરોડ ફિંગરપ્રિન્ટ રેકોર્ડ ઉપલબ્ધ છે. આ ઉપરાંત ઈન્ટિગ્રેટેડ મોનિટરિંગ ઓફ ટેરરિઝમ (આઈએમઓટી) સિસ્ટમ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) હેઠળ દેખરેખ રાખવા માટે આતંકવાદ સંબંધિત ૨૨,૦૦૦ કેસોની માહિતી પ્રદાન કરે છે.

## ન્યૂઝ બ્રિફ

### કેનેડા સાત હજારથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ડિપોર્ટ કરશે



। (એજન્સી) કેનેડા,તા.૧૯ ।

કેનેડામાં સાત હજારથી વધારે ભારતીય વિદ્યાર્થીઓ પર ડિપોર્ટેશનનો ખતરો તોળાઈ રહ્યો છે. કેનેડા તેને ગમે ત્યારે ડિપોર્ટ કરી શકે તેમ છે. તેનું કારણ એ છે કે આ ભારતીય સ્ટુડન્ટ્સ દ્વારા સ્ટુડન્ટ વિઝા પર કેનેડા જવા માટે સુપ્રદ કરવામાં આવેલા સ્વીકૃતિપત્રો નકલી છે. આ અંગે એવું માનવામાં આવે છે કે આમાંથી ૮૦ ટકા પત્રો ગુજરાત અને પંજાબના છે. પરિણામે, ૭,૦૦૦ થી ૮,૦૦૦ કેનેડિયન વિદ્યાર્થીઓએ તેમની નોકરી છોડીને પાછા ફરવું પડી શકે છે, કેનેડિયન ઈમિગ્રેશન વિભાગના ટોચના અધિકારીએ ૧૫ નવેમ્બરે જાહેરાત કરી હતી. વિદ્યાર્થીઓના વાલીઓને ગુજરાતથી કેનેડા જવા માટે અંદાજે ૨૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. જો વિદ્યાર્થીઓને પાછા મોકલવામાં આવશે તો તેમના ફરીથી વિઝા મળવાની શક્યતાઓ જતી રહેશે. આ રીતે હજારો વિદ્યાર્થીઓના વિદેશમાં સ્થાયી થવાના સપના ચકનાચૂર થઈ જશે. વિઝા નિષ્ણાત પંકજ પટેલ કહે છે, 'જો વિદ્યાર્થીઓએ સબમિટ કરેલા સ્વીકૃતિ પત્રો નકલી જણાશે તો તેમનું પ્રવેશ રદ કરવામાં આવશે. તેમને ભારત પરત મોકલવામાં આવશે.

### કોલકાતાથી નકલી દસ્તાવેજો દ્વારા ૬ લોકો ભારતમાં પ્રવેશ્યા

। (એજન્સી) કોલકતા,તા.૧૯ ।

કર્ણાટકના ચિત્રદુર્ગ શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતા છ બાંગ્લાદેશી નાગરિકોની પોલીસે ધરપકડ કરી છે. આ બાંગ્લાદેશી નાગરિકો ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા હતા અને નકલી દસ્તાવેજોના આધારે અહીં રહેતા હતા. આ ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી નકલી આધાર કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ, લેબર કાર્ડ, બેંક પાસબુક, પાન કાર્ડ અને પાસપોર્ટ પણ મળી આવ્યા છે. ચિત્રદુર્ગ એસપી ઓફિસ તરફથી જારી કરવામાં આવેલી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે ૧૮ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ શહેરના હોલાલકેરે રોડ પર સ્થિત અરવિંદ ગાર્મેન્ટ્સ અને વ્હાઈટ વૉશ ગારમેન્ટ્સ પાસે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ બાંગ્લાદેશી નાગરિકોને શંકાસ્પદ સંજોગોમાં અટકાયતમાં લીધા હતા અને તેમની પૂછપરછ કરી હતી. ધરપકડ કરાયેલા લોકોમાં સુમન હુસૈન, શેખ સૈફુર રહેમાન, મઝહરૂલ, અઝીઝુલ શેખ, મોહમ્મદ સાકિબ સિકદર અને સનોવર હુસૈનનો સમાવેશ થાય છે. આ આરોપીઓએ જણાવ્યું હતું કે તેઓ ભારતમાં સ્થાયી થવા અને કામ કરવા માટે કોલકાતા, પશ્ચિમ બંગાળથી નકલી દસ્તાવેજો દ્વારા ભારતમાં પ્રવેશ્યા હતા. આ પછી તેણે અલગ-અલગ રાજ્યોમાં કામ કર્યું અને તાજેતરમાં જ રોજગાર માટે ચિત્રદુર્ગ શહેરમાં પહોંચ્યો.

# મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકી હત્યા કેસમાં આરોપીની ગુજરાતમાંથી ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ઝડપાયેલો સલમાન વ્હોરા નામનો આરોપી આણંદ જિલ્લાના પેટલાદનો રહેવાસી છે મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની હત્યા કેસમાં તપાસના તાર ગુજરાત સુધી પહોંચ્યા છે. કેસની તપાસ કરી રહેલી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ગુજરાતના શખ્સની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના અકોલામાંથી એક આરોપીની ઝડપી પાડ્યો હતો. આ ઝડપાયેલો સલમાન વ્હોરા નામનો આરોપી આણંદ જિલ્લાના પેટલાદનો રહેવાસી છે. જેના છેડા ક્રાઈમ બ્રાન્ચને પેટલાદ સુધી ખેંચી લાવ્યા હતા.મળતી માહિતી મુજબ પેટલાદમાંથી પકડાયેલા શખ્શનો આરોપીઓ સાથે આર્થિક વ્યવહાર થયા હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે પેટલાદથી સાહિલ મલેક નામના અન્ય શખ્સની અટકાયત કરી હોવાની ચર્ચા છે. મહત્વનું છે કે



ગત ૧૨ ઓક્ટોબરે ૬૬ વર્ષીય NCP નેતા બાબા સિદ્દીકીની હત્યા થઈ હતી. બાંદ્રા પૂર્વના નિર્મલ નગર વિસ્તારમાં બાબા સિદ્દીકી ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો.થોડા દિવસ અગાઉ એટલે કે ગત રવિવારે UP STF અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમે બહરાઈચ જિલ્લાના નાનપારામાંથી શૂટર શિવકુમારની ધરપકડ કરી હતી. શૂટર શિવકુમારે એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાના પ્લાનિંગ અને તેને અંજામ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે. ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવવાનો શોખીન આ આરોપી ગુનો કર્યા બાદ ભારતની સરહદ પાર કરીને નેપાળ જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે પોતાના પ્લાનમાં સફળ થાય તે પહેલા પોલીસે તેને પકડી લીધો. પોલીસે તેને મદદ કરવાના આરોપમાં યુપીમાંથી અન્ય ચાર લોકોની પણ ધરપકડ કરી છે. UP STF અનુસાર ધરપકડ કરાયેલા આરોપી શિવ કુમારે પૂછપરછ દરમિયાન જણાવ્યું કે, તે પુણેમાં એક જંક શોપમાં કામ કરતો હતો. શિવકુમારે પોલીસને જણાવ્યું કે, તેની અને શુભમ લોંકરની દુકાનો એકબીજાની બાજુમાં છે. STF અનુસાર શિવકુમારે તેમને કહ્યું કે, શુભમ લોનકર લોરેન્સ બિશ્નોઈ માટે કામ કરે છે અને તેણે તેને સ્નેપ ચેટ દ્વારા ઘણી વખત લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈ સાથે વાત કરાવી હતી. STFના જણાવ્યા અનુસાર શિવકુમારે જણાવ્યું કે, સિદ્દીકીની હત્યા બાદ તેને ૧૦ લાખ રૂપિયા અને દર મહિને કંઈક બીજું મળવાનું હતું.

### રાજકારણમાં એન્ટ્રીના પાંચ જ વર્ષમાં વડાપ્રધાન બની ગયા

## દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થિની હરિની અમરસૂર્યા શ્રીલંકાના નવા વડાપ્રધાન

### હરિની અમરસૂર્યા ૧૯૯૧થી ૧૯૯૪ સુધી દિલ્હી યુનિવર્સિટીના હિન્દુ કોલેજમાં ભણી ચૂક્યા છે

। (એજન્સી) કોલંબો, તા.૧૯ ।

દિલ્હી યુનિવર્સિટીમાં ભણેલા હરિની અમરસૂર્યાને શ્રીલંકાના નવા વડાપ્રધાન બનાવાયા છે. આ પદ પર બીરાજનાર તેઓ શ્રીલંકાના ત્રીજા મહિલા નેતા છે. તેઓ બે મહિના અગાઉ શ્રીલંકામાં બનેલી વચગાળાની સરકારમાં પણ વડાપ્રધાન રહી ચૂક્યા છે. અમરસૂર્યા રાજકારણમાં એન્ટ્રીના પાંચ જ વર્ષમાં વડાપ્રધાન બન્યા છે. હરિની અમરસૂર્યા ૧૯૯૧થી ૧૯૯૪ સુધી દિલ્હી યુનિવર્સિટીના હિન્દુ કોલેજમાં ભણી ચૂક્યા છે. શ્રીલંકામાં ૧૪ નવેમ્બરના રોજે સંસદીય ચૂંટણી યોજાઇ હતી. હરિની અમરસૂર્યા ૧૯૯૧થી ૧૯૯૪ સુધી દિલ્હી યુનિવર્સિટીના હિન્દુ કોલેજમાં ભણી ચૂક્યા છે, જેમાં રાષ્ટ્રપતિ અનુરા કુમરા દિસાનાયકેના ગઠબંધન એનપીપીને જીત મળી હતી. સરકારની નવી કેબિનેટ સોમવારે જ રચાઇ હતી. અમરસૂર્યા અગાઉ સિરિમાઓ ભંડારનાયકે (૩ વખત) અને ચંદ્રિકા કુમારતુંગા (એક વખત) દેશના મહિલા વડાપ્રધાન રહી ચૂક્યા છે. તેઓ ૨૦૨૦માં જ પહેલી વખત સાંસદ બન્યા હતા. રાજકારણમાં



ડગલું માંડ્યા અગાઉ તેઓ શ્રીલંકા ઓપન યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા. દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થિની હરિની અમરસૂર્યા શ્રીલંકાના નવા વડાપ્રધાન, વર્ષ ૧૯૮૮-૮૯માં શ્રીલંકામાં તમિલ આંદોલનને કારણે હિંસક અને અરાજકતા ફેલાઈ હતી. એ દરમિયાન સ્કૂલ અને કોલેજો બંધ થઈ ગયા હતા. એવા સમયે હરિની અમરસૂર્યા વધુ ભણવા માટે ભારત આવી ગયા હતા. અહીં તેમણે દિલ્હી યુનિવર્સિટીના હિન્દુ કોલેજમાં એડમિશન લીધું હતું. તેમણે ૧૯૯૧-૧૯૯૪ સુધી સોશિયોલોજીનો અભ્યાસ કર્યો હતો. ફિલ્મમેકર ઈમ્તિયાઝ અલી અને પત્રકાર અર્નબ ગોસ્વામી તેમના બેચમેટ રહી ચૂક્યા છે.

### સત્યને દબાવી ન શકાય : અમિત શાહ

## મોદી બાદ હવે અમિત શાહે ધ સાબરમતી રિપોર્ટના વખાણ કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

વિક્રાંત મેસીની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' રિલીઝ પહેલા જ વિવાદોમાં છે. ૨૦૦૨ની ગોધરા ઘટના પર બનેલી ફિલ્મને લઈને દર્શકો બે જૂથમાં વહેંચાયેલા છે. આ દરમિયાન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ આ ફિલ્મના વખાણ કર્યા હતા. હવે ગૃહમંત્રી અમિત શાહે 'ધ સાબરમતી રિપોર્ટ'ના વખાણ કર્યા છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા અમિત શાહે કહ્યું કે 'કોઈ ગમે તેટલી કોશિશ કરે તો પણ સત્યને દબાવી શકાતું નથી.' અમિત શાહે X પર એક યુઝરની પોસ્ટ ફરીથી શેર કરી છે. આ સાથે તેણે લખ્યું છે - 'કોઈપણ શક્તિશાળી ઈકોસિસ્ટમ ગમે તેટલી કોશિશ કરે, તે સત્યને અંધકારમાં છુપાવી શકતી નથી. ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ઈકોસિસ્ટમને અપ્રતિમ હિંમત સાથે પડકારે છે અને દિવસના પ્રકાશમાં તે ભયાનક ઘટના પાછળના સત્યને ઉજાગર કરે છે. તમને જણાવી દઈએ કે આ પહેલા પીએમ મોદીએ પણ વિક્રાંત મેસીની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ના વખાણ કર્યા હતા. તેમણે ઠ પર લખ્યું હતું- 'સારું કહ્યું. સારું છે કે આ સત્ય બહાર આવી રહ્યું છે અને તે પણ એવી રીતે કે સામાન્ય લોકો તેને જોઈ શકે. નકલી મર્યાદિત સ્ટોરી થોડા સમય માટે જ ચાલુ રહી શકે છે. આખરે, સત્ય હંમેશા બહાર આવશે.' તમને જણાવી દઈએ કે વિક્રાંત મેસીની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ૧૫ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ફિલ્મ તેની વાર્તાના કારણે ઘણી ટીકાઓનો સામનો કરી રહી છે. ફિલ્મની વાર્તા ૨૦૦૨ની ગોધરાની ઘટના પર આધારિત છે જેમાં સાબરમતી એક્સપ્રેસના એક કોચને કેટલાક લોકોએ આગ લગાવી દીધી હતી. આ અકસ્માત બાદ સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી.

## રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ટૂંક સમયમાં ભારતમાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ટૂંક સમયમાં ભારતમાં આવશે. પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, રશિયામાં તેમની ભારત યાત્રાને લઈને તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. યુક્રેન વિરુદ્ધ જંગ બાદ પુતિન અત્યાર સુધીમાં બસ એક જ દેશ મંગોલિયાની યાત્રા કરી છે. ત્યારે આવા સમયે ભારતની તેમની આ યાત્રા ખૂબ જ મહત્વની માનવામાં આવે છે. રુસી સમાચાર એજન્સી સ્પુતનિકના જણાવ્યા અનુસાર, ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે આ ઘટનાક્રમની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે, "પુતિનની ભારત યાત્રાની તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે." પેસકોવે એક વીડિયો મેસેજમાં કહ્યું કે, "મને આશા છે કે અમે ટૂંક સમયમાં તેમની યાત્રાની તારીખ નક્કી કરી લઈશું, ચોક્કસપણે પ્રધાનમંત્રી મોદીની રશિયાની બે યાત્રાઓ બાદ, હવે રાષ્ટ્રપતિ પુતિનની ભારત યાત્રા થઈ રહી છે, એટલા માટે અમે તેની રાહ જોઈ રહ્યા છીએ."૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ પુતિનની આ પહેલી ભારત યાત્રા હશે. છેલ્લે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ૬ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ નવી દિલ્હીમાં ભારતીય પ્રધાનમંત્રી મોદી સાથે ૨૧માં ભારત-રુસ વાર્ષિક શિખર સંમેલન માટે ભારતમાં આવ્યા હતા. પીએમ મોદીએ આ વર્ષે જુલાઈમાં મોસ્કોની મુલાકાત લીધી હતી.

## સિદ્ધપુર કાર્તિકી પૂર્ણિમાના મેળામાં છેલ્લા ચાર દિવસમાં આઠ લાખ લોકો ઉમટ્યા



। (એજન્સી) સિદ્ધપુર, તા.૧૯ ।

સિદ્ધપુર કાર્તિકી પૂર્ણિમાના મેળામાં ચોથા દિવસે અંદાજિત ૨ લાખ લોકો ઉમટ્યા હતા. જયારે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. જેમાં મેળામાં આવતા યાત્રિકોએ તેનો આનંદ માણ્યો હતો. જોકે કાર્તિકી પૂર્ણિમાના મેળામાં છેલ્લા ચાર દિવસમાં અંદાજીત ૮ લાખ ઉમટ્યા હતા. સિદ્ધપુર સરસ્વતી નદી પટમાં ભરાતા કાર્તિકી પૂર્ણિમાના મેળાનો વિધિવત પ્રારંભ તા.૧૪ નવેમ્બરથી થયો હતો. રવિવારે ચોથા દિવસે કાત્યોકનો મેળો મધ્યાંતરે આવી પહોંચ્યો છે. ત્યારે મેળામાં દિવસ અને રાત્રી દરમિયાન અંદાજિત બે લાખ કરતા વધુ લોકો ઉમટ્યા હતા. ત્યારે ગુરુવારથી શરૂ થયેલા મેળામાં યાત્રિકોનો પ્રવાહ અવિરત રહેતાં છેલ્લા ચાર દિવસમાં અંદાજિત આઠ લોકોએ મેળો મહાલ્યો હતો. જ્યારે મેળા અંતર્ગત સરસ્વતી નદીમાં રમત ગમ્મત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

## કોરોના વાયરસે કર્યા કેન્સરના દર્દીઓના ઈલાજ!



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

કોરોના વાયરસે ઘણા લોકોના જીવન અને ઘરોને બરબાદ કરી દીધા છે. બીમાર પડેલા લોકોમાં આડઅસર હજુ પણ જોવા મળે છે. દરમિયાન, આ વાયરસ સંબંધિત એક સકારાત્મક સમાચાર આવ્યા છે. કેટલાક ડોકટરોને લાગે છે કે કોવિડ વાયરસ કેન્સરની સારવારમાં મદદરૂપ સાબિત થઈ શકે છે. હકીકતમાં, ઘણા કેન્સર દર્દીઓમાં કોવિડ થયા પછી, તેમની ગાંઠોનું કદ ઘટ્યું. ડૉક્ટરો પણ આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમણે એક અભ્યાસ કર્યો, જેના પરિણામોએ સંશોધકોને આશા જન્માવી છે. કોવિડ-૧૯ અને કેન્સર સંબંધિત આ સંશોધન નોર્થવેસ્ટર્ન મેડિસિન કેનિંગ થોરાસિક ઈન્સ્ટિટ્યૂટમાં કરવામાં આવ્યું હતું. તે નવેમ્બરમાં જર્નલ ઑફ ક્લિનિકલ ઈન્વેસ્ટિગેશનમાં પ્રકાશિત થવાનું છે. કોવિડના સમય દરમિયાન, એવું જોવામાં આવ્યું હતું કે જે લોકો કોરોના વાયરસને કારણે ખૂબ બીમાર થઈ ગયા હતા તેમની ગાંઠો સંકોચાઈ હતી અથવા ધીમે ધીમે વધી હતી. આ અંગે યુનિવર્સિટી ચીફ અંકિત ભરતે કહ્યું, 'અમને ખબર ન હતી કે આ યોગ્ય છે કે નહીં કારણ કે દર્દીઓ ખૂબ બીમાર હતા. શું એવું બન્યું કે રોગપ્રતિકારક શક્તિ એટલી ટ્રિગર થઈ ગઈ કે તેણે કેન્સરના કોષોને પણ મારવાનું શરૂ કર્યું? આવું થયું?'કેટલાક કેસ જોયા પછી, ડૉક્ટરે તેમની ટીમ સાથે આ અંગે વધુ માહિતી એકઠી કરવા માટે એક અભ્યાસ હાથ ધર્યો. ડૉ. ભરત અને તેમની ટીમે શોધ્યું કે જ્યારે SARS-CoV-2 શરીરમાં હોય છે, ત્યારે શરીરના મોનોસાઈટ કોષો અલગ રીતે વર્તે છે. સામાન્ય સંજોગોમાં, મોનોસાઈટ્સ લોહીમાં પરિભ્રમણ કરે છે અને જ્યારે કોઈ ખરાબ કોષ અથવા ભય જણાય છે ત્યારે ચેતવણી આપે છે. કેટલાક મોનોસાઈટ્સ કેન્સર સામે લડતા કોષોને ગાંઠમાં લઈ જાય છે. પરંતુ કેન્સરના કોષો ક્યારેક મોનોસાઈટ્સને યુક્તિ કરે છે. તેઓ મોનોસાઈટ્સ પાછળ છુપાવે છે અને રોગપ્રતિકારક તંત્ર તેમને શોધી અને દૂર કરવામાં અસમર્થ છે. જો SARS-CoV-2 વાયરસ હાજર હોય, તો કેન્સરના કોષો છુપાવી શકતા નથી અને રોગપ્રતિકારક તંત્ર સરળતાથી કેન્સરના કોષોને શોધી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટમાં સડેલા અનાજના વિતરણની તપાસ માટે ગાંધીનગરની ટીમ ત્રાટકી

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટ કલેકટર કચેરીમાં ગત શનિવારે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ સડેલા અનાજના નમુના રજુ કરતા જ પૂરવઠાતંત્ર ઉંઘમાંથી સફાળુ જાગ્યુ છે. આ પ્રકરણની તપાસ માટે આજે ગાંધીનગરથી પૂરવઠા ખાતાની ટીમ રાજકોટ દોડી આવી હતી અને સડેલું અનાજ કયાંથી આવ્યુ તેની તપાસ શરૂ કરી હતી ગાંધીનગરથી દોડી આવેલી પૂરવઠા વિભાગની ટીમે જિલ્લા પૂરવઠા અધિકારી સાથે બેઠક યોજી હતી અને ત્યારબાદ શહેરની સસ્તા અનાજની દૂકાનોમાં ચેકિંગ શરૂ કર્યુ છે. જો કે, આ સડેલુ અનાજ ગોડાઉનમાંથી જ આવ્યુ હોવાનું માનવામાં આવે છે. આજે સવારે ગાંધીનગરથી પુરવઠા વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર નિર્મલ પટેલ સહીતની અધિકારીની ટીમો રાજકોટમાં ધામા નાખ્યા હતા. રાજકોટ પુરવઠા અધિકારી સાથે બેઠક કર્યા બાદ રાજકોટ શહેરની ૧૮૫ જેટલી દુકાનોની લિસ્ટ લઈ સ્થાનિક અધિકારીઓને સાથે રાખી શહેરની અલગ-અલગ સસ્તા અનાજની દુકાનોમાં દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### રાજકોટમાં ઢાબા સંચાલક અને ડેપ્યૂટી મેયરના જૂથ વચ્ચે મારામારી-તોડફોડ

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટના જામનગર રોડ પર આવેલી સન્નીપાજી દા ધાબા નામની હોટલે મોડીરાત્રે જમવાના પૈસા લેવા બાબતે રાજકોટના ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા ઉર્ફે ટીકુભા તથા ધાબા સંચાલકના જૂથો વચ્ચે મારામારી અને તોડફોડની ઘટના બની હતી. મોડીરાત્રે ડખો થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. સવારે બંને જૂથ વચ્ચે સમાધાન પણ થઈ ગયું હતું. મળતી વિગતો મુજબ રાજકોટ જામનગર હાઈવે પર ઘંટેશ્રવર પાસે આવેલ સન્નીપાજી દા ધાબા નામની હોટલ પર સન્ની પાજી, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભા) અને તેમના ભાઈ રવિરાજસિંહ જાડેજા ઉપર હુમલો થયાની વાત વહેતી થઈ હતી. મળતી માહિતી મુજબ પોલીસ કંટ્રોલરૂમમાં સન્નીપાજી તરફથી ફોન આવ્યો હતો. જેથી ગાંધીગ્રામ પોલીસે સન્નીપાજી ઉર્ફે અમનવીરસિંગને નિવેદન માટે પોલીસ સ્ટેશને બોલાવ્યો છે. સન્નીપાજીએ પોલીસને નિવેદનમાં જણાવ્યું હતું કે, હોટલે ત્રણ વ્યક્તિ જમવા આવ્યા હતા. તેનું બીલ લેવામાં આવ્યું હતું.

## પશ્ચિમ રેલવેએ ૧૪ કર્મચારીઓને જનરલ મેનેજર સુરક્ષા એવોર્ડથી સન્માનિત કર્યા



પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્રા, એડિશનલ જનરલ મેનેજર અને વિવિધ વિભાગોના વડાઓ જનરલ મેનેજર સુરક્ષા એવોર્ડ વિજેતાઓ સાથે જોવા મળ્યા હતા.

### બીઆરટીએસ સહિત અનેક પ્રોજેક્ટ હાથ ધર્યા હતા

## મેઇન્ટેનન્સના મામલે BRTS ધોળો હાથી : સ્ટેશન આગળ ખાડા પડવાનું યથાવત્

### આરસીસી રોડ બનાવ્યા પછી પણ બસ સ્ટેશન પાસે પડેલાં ખાડા પૂરવા ૫. ૩૦ કરોડનો ખર્ચ કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

શહેરીજનોને ઝડપી બસ સેવા પૂરી પાડવા માટે જેએનયુઆરએમની કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી હાથ ધરાયેલો બીઆરટીએસ પ્રોજેક્ટ મેઇન્ટેનન્સના મામલે ધોળો હાથી સાબિત થઈ રહ્યો છે, બસ સંચાલનમાં જંગી ખોટ બાદ તેના રોડ અને બસ સ્ટેશનના નિભાવ પાછળ સમયાંતરે કરોડો રૂપિયા ખર્ચાઇ રહ્યાં છે.

મ્યુનિ. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રમાં કોંગ્રેસના વડપણ હેઠળની યુપીએ સરકારે દેશના મોટા શહેરોમાં માળખાકીય સુવિધા વધારવા માટે જેએનયુઆરએમ અંતર્ગત કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવાનુ શરૂ કર્યુ હતું. જેનો લાભ લઈ અમદાવાદ મહાનગરપાલિકા તરફથી નાગરિકોને ઝડપી બસ સેવા પૂરી પાડવા માટે બીઆરટીએસ સહિત અનેક પ્રોજેક્ટ હાથ ધર્યા હતા.

સૂત્રોએ કહ્યું કે, બીઆરટીએસ પ્રોજેક્ટ અંતર્ગત કોરિડોર અને બસ સ્ટેશન બનાવવા પાછળ જ કરોડો રૂપિયા ખર્ચાયા હતા. તેમાં બીઆરટીએસની બસ પાણીના રેલાની જેમ દોડે તે માટે ગુણવત્તાયુક્ત મટિરિયલ સાથેનો રોડ કોરિડોરમાં બનાવાયો હતો. સમયાંતરે બીઆરટીએસ કોરિડોરના મજબૂત ગણાતાં રોડમાં પણ વરસાદ અને બીઆરટીએસ બસના ડ્રાઈવરોની બસ સ્ટેશન આગળ આવીને જ ખોટી રીતે બ્રેક મારવાની આદતના કારણે ખાડા પડવાની શરૂઆત થઈ ગઈ હતી. તેને પગલે અગાઉ તો બીઆરટીએસ કોરિડોરનો રોડ અને બસ સ્ટેશન આગળના ખાડા ડામરથી રિપેર કરવામાં આવ્યા હતા.

પરંતુ બીઆરટીએસના ડ્રાઈવરો બસ સ્ટેશન આગળ આવી બ્રેક મારતાં હોવાથી બસ સ્ટેશન આગળ ખાડા પડવાનુ યથાવત રહેતાં મ્યુનિ. ઈજનેર ખાતાએ અલગ ક્વોલિટીના પેવર બ્લોક નાખવાનો પ્રયોગ પણ કરી જોયો હતો. જેમાં પેવર ઉખડી જવાની અને તૂટી જવાની સમસ્યા પણ જળવાઈ રહી હતી. આથી મ્યુનિ. ઈજનેર ખાતાએ બીઆરટીએસના બસ સ્ટેશન આગળના રોડ કરોડોના ખર્ચે આરસીસીના બનાવ્યા હતા.

### દર્દીઓ પાસેથી રૂપિયા ૧.૩૫ લાખથી વધુનું બિલ વસૂલવામાં આવ્યું

## PMJAYમાંથી ખ્યાતિ સહિત આ ૭ હોસ્પિટલને કરવામાં આવી સસ્પેન્ડ

### અમદાવાદની ૩, સુરત-વડોદરા-રાજકોટ ની ૧-૧ તથા ગીર સોમનાથની ૧ હોસ્પિટલ સસ્પેન્ડ કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ફ્રી મેડિકલ કેમ્પ યોજી પીએમજેવાયએ યોજના હેઠળ દર્દીઓની જાણ બહાર સારવાર કરી નાણાં કમાવવાના કૌભાંડમાં ખ્યાતિ હોસ્પિટલની મુખ્ય ભૂમિકા સામે આવી હતી. આ કાંડ બાદ સરકાર એકશનમાં આવી છે. પીએમજેએવાય યોજનામાંથી ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ સહિત ૭ હોસ્પિટલોને સસ્પેન્ડ કરવામાં આવી છે. જેમાં અમદાવાદની ૩, સુરત-વડોદરા-રાજકોટ ની ૧-૧ તથા ગીર સોમનાથની ૧ હોસ્પિટલ સસ્પેન્ડ કરવામાં આવી છે. તેમજ સ્પેશિયાલિસ્ટ ડોકટરોને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ડો પ્રશાંત વઝીરાણી અને અન્ય ચાર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. દર્દીઓના જીવ સાથે ચેડાં કરનારી અમદાવાદની ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૨૦૨૨થી ૨૦૨૪ એમ ૩ વર્ષમાં ૮૪૭ દર્દીઓએ આયુષ્યાન યોજના હેઠળ સારવાર લીધેલી છે. જેમાં ૧૦થી વધુ દર્દીઓ પાસેથી રૂપિયા ૧.૩૫ લાખથી વધુનું બિલ વસૂલવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ગુજરાતમાંથી પાંચ વર્ષમાં કુલ ૪૬.૨૩ લાખ દર્દીઓએ સારવાર લીધી છે. આ દર્દીઓની સારવાર પાછળ રૂપિયા ૯ હજાર ૯૯૩ કરોડની રકમની સહાય ચૂકવવામાં આવી છે. આયુષ્યમાન યોજના હેઠળ યુરોલોજીમાં સૌથી વધુ રૂપિયા ૬૭૮ કરોડ, કાર્ડિયોલોજી પાછળ રૂપિયા ૬૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ગુજરાતમાં કુલ ૨.૬૧ કરોડ આયુષ્યમાન કાર્ડ ધારકો છે. ૧.૩૮ કરોડ પુરુષ અને ૧.૨૨ કરોડ મહિલાઓ પાસે એયુષ્યમાન કાર્ડ છે. અમદાવાદમાં સૌથી વધુ ૨૪.૦૧ લાખ, સુરતમાં ૧૯.૫૬ લાખ, રાજકોટમાં ૧૫ લાખ, બનાસકાંઠામાં ૧૨.૨૬ લાખ, વડોદરામાં ૧૦.૨૩ લાખ આયુષ્યમાન કાર્ડ ધારકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યભરમાંથી ૯૨૪ પ્રાઈવેટ અને ૧૭૫૨ પબ્લિક એમ કુલ ૨૬૭૬ હોસ્પિટલ એમ્પેનલ્ડ છે.

## સુરેન્દ્રનગરમાં ૧૫ દિવસમાં પાંચ લોકોની હત્યા કરાઈ

### સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં પોલીસ નિષ્ફળ નીવડી હોય તેવી સ્થિતિ ઉભી થઇ છે

। સુરેન્દ્રનગર, તા.૧૯ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં પોલીસ નિષ્ફળ નીવડી હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. છેલ્લા ૧૫ દિવસમાં ૫ લોકોની હત્યા થઈ છે, જેમાં એક ઘટના ટ્રિપલ મર્ડરની છે. સુરેન્દ્રનગરમાં ગુનેગારોને પોલીસનો ભય જ ન રહ્યો એમ હત્યાઓ થઈ રહી છે. જોરાવરનગરની મુખ્ય બજારમાં જીતુભા ગોહિલ મયુર પાન પાર્લરના નામે પાનની દુકાન ચલાવતા હતા. વનરાજ ખાચર અને અન્ય ૪ શખ્સોએ ત્યાં આવીને રિવોલ્વરમાંથી ૩ રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું હતું. ફાયરિંગની ઘટનામાં પાન પાર્લરના માલિક જીતુભા ગોહિલને ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નિપજ્યું હતું. ફટાકડાના પૈસાની ઉઘરાણી કરવા આ શખ્સો આવ્યા હતા, ત્યારે પાન પાર્લરના માલિક સાથે ઝઘડો થયો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ ઘટનામાં મુખ્ય આરોપી ફાયરિંગ કરનાર વનરાજ ખાચર નામના આરોપીને ઝડપી લીધો છે, સાથે જ ગુનામાં ઉપયોગ કરવામાં આવેલા હથિયાર પણ પોલીસે કબ્જે કર્યા છે. સુરેન્દ્રનગરના થાનગઢમાં પ્રેમ પ્રકરણ મામલે માતા-પિતા અને તેના પુત્રની હત્યા કરવામાં આવી હતી. ટ્રિપલ મર્ડરની આ ઘટનામાં પિતા ઘુઘાભાઈ દાનાભાઈ બજાણીયા અને પુત્ર ભાવેશ ઘુઘાભાઈ બજાણીયાનું પહેલા જ મૃત્યુ થયું હતું, બાદમાં સારવાર દરમિયાન ભાવેશની માતા મંજુબેન ઘુઘાભાઈ બજાણીયાનું પણ મોત થયું હતું. થાનગઢ પોલીસે આ ટ્રિપલ મર્ડરના આરોપીઓ દિનેશ સાપડા, જેસા નરસી, દિનેશ સુખાભાઈ અને અન્ય એક એમ કુલ ૪ આરોપીઓને ઝડપી પડ્યાં હતા. પોલીસે આજે થાનગઢ હાઈસ્કૂલથી આઝાદ ચોક સુધી આ ચારેય આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. સુરેન્દ્રનગર શહેરની ઉમિયા ટાઉનશીપ માં જન્મ દિવસની પાર્ટીમાં યુવકની હત્યા કરવામાં આવી હતી. મિત્રના જન્મદિવસની પાર્ટીની ઉજવણીમાં યુવકને રાજકોટથી બોલાવવામાં આવ્યો. મિત્રોએ દારૂની મહેફિલ માણી. ત્યારબાદ મામલો બગડતા હાજર લોકોએ યુવકને માર મારી અને હત્યા કરી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. ઘટના સ્થળેથી ખાલી દારૂની બોટલો અને ગ્લાસ મળી આવ્યા હતા. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ આ સમગ્ર મામલે ઢ્રરૂજઁ સહિતના કાફલાએ તપાસ આદરી છે, તપાસમાં યુવાનને ઉપરથી નીચે ફેંકી દીધાનું સામે આવ્યું છે. ચંદન પરમાર નામના યુવકની હત્યા કરી બીજા માળેથી ફેંકી દેવામાં આવ્યા હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો.

### કેશોદમાં યુવકની આંખમાં હુમલાખોરે દાતરડું ખૂસાડ્યું

। (એજન્સી) જુનાગઢ, તા.૧૯ ।

જુનાગઢના કેશોદમાં રસ્તા પર નીકળવા જેવી સામાન્ય બાબતે એક યુવક પર જીવલેણ હુમલો થયો છે, જેમાં હુમલાખોરે યુવકની આંખમાં દાંતરડું ઘુસાડી દીધું હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આ યુવકને રાજકોટ હોસ્પિટલ ખસેડાયો છે.

સુભાષ રામદેભાઈ કરગઠિયા નામનો ૧૮ વર્ષીય યુવાન પોલીસ ભરતી માટે દોડની પ્રેક્ટિસ કરવા માટે પોતાના મિત્રો સાથે એનપી કોલેજ ગ્રાઉન્ડમાં જઈ રહ્યો હતો. ત્યારે ઈન્દિરાનગરમાં કોમલ નાથાભાઈ રાઠોડ નામના શખ્સે તેમને આ રસ્તેથી નીકળવું નહીં તેવી ધમકી આપી હતી. આ યુવાનો દોડની પ્રેક્ટિસ કરીને પરત જઈ રહ્યા હતા ત્યારે કોમલ નાથાભાઈ રાઠોડ નામના શખ્સે આ યુવાનોને રોકીને ધમકી આપી હતી અને દાતરડાથી જીવલેણ હુમલો કર્યો હતો.

હુમલાખોરે દાતરડું સુભાષ કરગઠિયાની ડાબી આંખમાં ઉંડે સુધી ઘુસાડી દીધું હતું. સુભાષ કરગઠિયા નામના યુવકની ડાબી આંખ અને નાકના વચ્ચેના ભાગે દાતરડું ઉંડે સુધી ઘુંસી ગયું હતું. યુવકના મોઢા ભાગે ઘુંસાડાયેલું દાતરડું ન નીકળતાં યુવકને દાતરડાં સાથે કેશોદ અને જુનાગઢ બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયો છે.

## અમદાવાદ-દરભંગા સાબરમતી એક્સપ્રેસ સમસ્તીપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે

। અમદાવાદ, તા.૧૯ ।

પૂર્વ મધ્ય રેલવેના સમસ્તીપુર ડિવિઝનના દરભંગા સ્ટેશન પર ૨૨ નવેમ્બર થી ૧૬ ડિસેમ્બર ૨૦૨૪ સુધી એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે, જેના કારણે અમદાવાદ-દરભંગા સાબરમતી એક્સપ્રેસને સમસ્તીપુર અને દરભંગા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે જેની વિગતો નીચે મુજબ છે:-

**શોર્ટ ટર્મિનેટેડ ટ્રેન**

૨૨, ૨૪, ૨૯ નવેમ્બર અને ૦૧, ૦૬, ૦૮, ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ અમદાવાદ થી દોડતી ટ્રેન નંબર ૧૯૧૬૫ અમદાવાદ-દરભંગા સાબરમતી એક્સપ્રેસ સમસ્તીપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આ ટ્રેન સમસ્તીપુર-દરભંગા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**શોર્ટ ઓરીજીનેટ ટ્રેન**

૨૫, ૨૭ નવેમ્બર અને ૦૨, ૦૪, ૦૯, ૧૧, ૧૬ ડિસેમ્બર ૨૦૨૪ ની ટ્રેન નંબર ૧૯૧૬૬ દરભંગા-અમદાવાદ સાબરમતી એક્સપ્રેસ દરભંગાને બદલે સમસ્તીપુરથી શોર્ટ ઓરીજીનેટ (પ્રારંભ) થશે. ટ્રેનોના રોકાણ, સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

### ૩૦ કરોડના ખર્ચે થશે કાયાપલટ

## અમદાવાદ જગન્નાથ મંદિરની આસપાસ બનશે કોરિડોર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

કાશી વિશ્વનાથ કોરિડોરની જેમ હવે અમદાવાદના જગન્નાથ મંદિરમાં પણ કોરીડોર બનશે. ગુજરાતની સૌથી મોટી ભગવાન જગન્નાથ રથયાત્રા અમદાવાદ ખાતેથી નીકળે છે. ત્યારે આ યાત્રાના મહત્વને ધ્યાનમાં રાખીને અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા જગન્નાથ મંદિર આપસાપના વિસ્તારને રિ ડેવલપ કરી જગન્નાથ કોરિડોર તૈયાર કરાઈ રહ્યો છે. મંદિરના મુખ્ય ગેટની બહાર આવેલી જગ્યા પર વિઝીટીંગ પ્લાઝા તૈયાર કરાઈ રહ્યો છે. જ્યાં ચાર હજાર લોકો એક સાથે ઉભા રહી ભગવાન જગન્નાથ મંદિરના દર્શન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાશે. આ અંગે હાલ ટેન્ડર મંજૂર કરી દેવાયા છે અને નડતર રૂપ ૧૫ કાચા મકાનને દૂર કરવા નોટિસ પણ અપાઈ છે. ભગનાન જગન્નાથની રથયાત્રા છેલ્લા અનેક દાયકાથી નિકળી રહી છે. પુરી જગન્નાથ બાદ સૌથી વધુ મહત્વ અમદાવાદની જમાલપુર સ્થિત મંદિરની ભગવાન જગન્નાથની રથયાત્રાનું માનવામાં આવે છે. ત્યારે અમદાવાદ મહાગનર પાલિકા જગન્નાથ મંદિરની આસપાસના વિસ્તારમાં રિડેવલપ મેન્ટ કરી શ્રદ્ધાળુઓ માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવા જઈ રહ્યુ છે.

ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલા જળયાત્રા નીકળે છે. મંદિર પરિસરથી ભુદરના આરા ખાતે સાબરમતી નદીના કિનારે આખી વિધી થતી હોય છે. ત્યારે જળયાત્રા રૂટ પણ વિશેષ ડેવલપ કરવાનું કામ મહાનગર પાલિકા બીજા ફેજમાં કરશે. પહેલા ફેજમાં હાલ મંદિર પરિસર બહાર આવેલા વિઝીટીંગ પ્લાઝા તૈયાર કરવામાં આવશે. અમદાવાદના જમાલ પુર સ્થિતિ ભગવાન જગન્નાથની અષાઢી બીજના દિવસે નિકળતી સૌથી લાંબી રથયાત્રા આજે કોમી એકતા માટે સિમાહાચિન્હ બની છે. ત્યારે ઐતિહાસિક બનેલી રથયાત્રા રૂટને રિડેવલપ કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

